પ્રકરણ - (૬)

## લોકધર્મી : નાટ્યધર્મી

નાટ્યશાસ્ત્રના છઠ્ઠા અધ્યાયમાં, નાટ્યશાસ્ત્રના ૧૧ વિષયો સંક્ષિપ્તમાં વર્ણવતી વેળા 'ધર્મી' નો એક વિષય તરીકે ભરતમુનિ ઉલ્લેખ કરે છે.

રસા ભાવા હ્યભિનયા ધર્મી વૃત્તિપ્રવૃત્તય: ।
સિદ્ધિ: સ્વરાસ્તથાતોદ્યં ગાનં રંગશ્ચ સંગ્રહ: ॥
(અધ્યાય ૬ શ્લોક ૧૦)

એજ અધ્યાયમાં ધર્મીના બે પ્રકાર ભરતમુનિ આ પ્રમાણે વર્ણવે છે. (૧) લોકધર્મી અને (૨) નાટ્યધર્મી.

લોકધર્મી નાટ્યધર્મી ધર્મીતિ દ્વિવિધ: સ્મૃત: ।
(અધ્યાય ૬ શ્લોક ૨૪)

નાટ્યશાસ્ત્રના ૧૪ માં અધ્યાયમાં કક્ષ્યાવિભાગ અને પ્રવૃત્તિ એ બે વિષયોના નિરુપણ પછી લોકધર્મી અને નાટ્યધર્મીની વિશદ છણાવટ ભરતમુનિએ કરી છે. આ ઉપરાંત અન્યત્ર ભાષાવિધાન અને આહાર્ય અભિનયને લગતા અધ્યાયોમાં પણ લોકધર્મી અને નાટ્યધર્મીની ચર્ચા કરવામાં આવી છે.

નાટ્યશાસ્ત્રમાં સ્ત્રીલિંગવાચક 'ધર્મી' શબ્દ ઉપરાંત પુલ્લિંગવાચક 'ધર્મ' શબ્દ પણ મળે છે જેમ કે -

વેશભાષાશ્રયોપેતા: નાટ્યધર્મમપેક્ષ્ય તુ ।

શ્રી વી. રાઘવન તેમના લોકધર્મી-નાટ્યધર્મીના પ્રસિદ્ધ લેખમાં (Journal of Oriental Research Vol VII-1933) જણાવે છે તેમ પુલ્લિંગવાચક 'ધર્મ' શબ્દ વધુ અભિવ્યક્તિક્ષમ છે અને તેનું સ્ત્રીલિંગવાચક રુપ 'ધર્મી' કદાચ નટપરિભાષાની અરાજકતાનું પરિણામ છે. અભિનવગુપ્ત રાહુલનો મત ટાંકતાં વેળા પુલ્લિંગ રુપનો વિનિયોગ કરે છે.

પરોક્ષેડપિ હિ વક્તવ્યો નાર્યા પ્રત્યક્ષવત્ પ્રિય: ।
સખ્યો ચ નાટ્યધર્મોડયં ભરતેનોદિતં દ્વયમ્ ॥

ધર્મ શબ્દની વ્યુત્પત્તિ આ રીતે સાધવામાં આવી છે - 'ધ્રિયતે અનેન' 'ધરતિ ઇતિ વા'. આમ ધૃ ધાતુમાં મન્ પ્રત્યય લગાડવાથી ધર્મ શબ્દ નિષ્પન્ન થાય છે.

ધર્મ શબ્દનો અર્થ થાય છે (૧) સ્વભાવ-લક્ષણ (attribute) અથવા (૨) લાક્ષણિકતા (Characteristic) એજ પ્રમાણે ધર્મીનો અર્થ થયો જેમાં ધર્મ હોય અથવા જે ધર્મનું અનુગમન કરતો હોય.

અભિનય અર્થાત્ નાટ્યપ્રયોગનો જે પોતાનો ધર્મ અથવા સ્વભાવ છે તેને અનુકુળ કાર્ય 'ધર્મી' કહેવાય છે. નાટ્યમાં બે પ્રકારની ધર્મી નિરુપિત થાય છે. (૧) લોકધર્મી અને (૨) નાટ્યધર્મી.

લોકમાં પ્રચલિત કાર્ય, આચાર અને વ્યવહારનું શુધ્ધ અને સ્વાભાવિક અનુકરણ તે લોકધર્મી. તેમાં વિભિન્ન ભાવોનો સંકેત કરનારી વાચિક, આંગિક, સાત્વિક અને આહાર્યની રુઢિઓનો સમાવેશ થતો નથી. જીવનને પ્રકૃત રુપેજ રજુ કરવામાં આવે છે. તેમાં લોકજીવનની સહજવૃત્તિઓનો પ્રભાવ વિશેષ હોય છે.

જેમાં સાંકેતિક વાકય, લીલા અંગહાર, નાટ્યમાં પ્રચલિત જનાંતિક, સ્વગત, આકાશવચન વિગેરે રુઢિઓ, શૈલ, યાન, વિમાન, પ્રાસાદ, દુર્ગ, નદી તેમજ સમુદ્રની સાંકેતિક રજુઆત, અમૂર્ત પદાર્થો તથા ભાવોનું માનવીકરણ વિગેરેનો સમાવેશ થતો હોય તે નાટ્યધર્મી. અનુકરણ નહીં પણ સંકેત એ તેનું મુખ્ય લક્ષણ છે.

## લોકધર્મી : સ્વરુપ

નાટ્યશાસ્ત્રના ૧૪ માં અધ્યાયમાં 'લોકધર્મી-નાટ્ય'નું સ્વરુપ વર્ણવતાં ભરતમુનિ જણાવે છે કે -

સ્વભાવ ભાવોપગતં શુધ્ધં ત્વવિકૃતં તથા ।<br>
લોકવાર્તા ક્રિયોપેતમ્ અંગલીલા વિવર્જિતમ્ ॥<br>
સ્વભાવાભિનયોપેતં નાનાસ્ત્રીપુરુષાશ્રયમ્ ।<br>
યદીદૃશં ભવેન્નાટયં લોકધર્મી તુ સા સ્મૃતા ॥

(અધ્યાય ૧૪ શ્લોક ૬૯-૭૦)

જે શુધ્ધ કે વિકૃત-પાઠાન્તરે પ્રકૃત એવા સ્વાભાવિક ભાવોથી યુકત હોય, લોક કહેતાં સમાજનાં વૃત્તાન્તો અને ક્રિયાથી યુકત હોય, સ્વાભાવિક અભિનયથી યુકત હોય અને અંગલીલાથી રહિત હોય એવું, વિવિધ પ્રકારના સ્ત્રી-પુરુષોના સંબંધોનું જે નાટ્ય હોય તે લોકધર્મી' કહેવાય એવો ભરતમુનિનો અભિપ્રાય છે.

અભિનવગુપ્તના મત પ્રમાણે આ લોકધર્મી રુઢિ અનુસાર કવિ (નાટયકાર) તો વસ્તુ-માત્રનું યથાવત્ વર્ણન કરે છે, નટ પ્રયોગ કરે છે. (કવિર્યથા વૃત્તવસ્તુમાત્રં વર્ણયતિ નટશ્ચ પ્રયુકતે) તેમાં સ્વબુધ્ધિ કૃત અનુરંજનકારી વૈચિત્ર્યની કલ્પના હોતી નથી. (ન તુ સ્વબુધ્ધિકૃતં રંજનાવૈચિત્ર્યં) આ દૃષ્ટિએ તે કાવ્યભાગ અને પ્રયોગભાવ લોકધર્માશ્રિત હોય છે.

ભાવોનું અનુકીર્તન કરવા કવિ લૌકિક પ્રવૃત્તિનું દર્શન કથાનક ધ્વારા કરાવે છે. તે કથાનક મુળ સ્વરુપમાં લોકપ્રસિધ્ધ ઘટનાના કે વ્યવહારના સ્વરુપનું હોય છે. આનેજ લક્ષણોમાં લોકવાર્તા ક્રિયાપેત' એમ કહયું છે. લોકવાર્તા એટલે લોકપ્રસિધ્ધ અને ક્રિયા એટલે ઘટના કે વ્યવહાર. આ લોકધર્મ છે. નાટ્યમાં કથાવસ્તુનો જેટલો ભાગ આવો લોકવાર્તાક્રિયાથી યુકત હોય છે તેટલો નાટ્યભાગ લોકધર્મી છે એવું શ્રી ગણેશ ત્ર્યંબક દેશપાંડેનું મંતવ્ય છે.
(ભારતીય સાહિત્યશાસ્ત્ર, અનુ: જશવંતી દવે પૃ.૫૦)

લોકધર્મીના ભરતમુનિ નિરુપિત વિવિધ લક્ષણોને પૃથકપણે આ રીતે તપાસી શકાય.

<u>લોક સાદૃશ્ય અથવા અનુકરણ</u>

નાટ્યમાં લોકસાદૃશ્ય અથવા અનુકરણ Imitation એ લોકધર્મી રુઢિનું ઉદાહરણ છે. નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાયમાં ભરતમુનિએ નાટ્યને અનુકરણાત્મક માન્યું છે જેમ કે -

ત્રૈલોકયસ્યાસ્ય સર્વસ્ય નાટ્ય ભાવાનુકીર્તનમ્ । શ્લોક ૧૦૭
લોકવૃત્તાનુકરણં નાટ્યમેતન્મયા કૃતમ । શ્લોક ૧૧૨
સપ્તધ્વીપાનુકરણં નાટ્યે હયસ્મિન્ પ્રતિષ્ઠિતમ્ । શ્લોક ૧૧૯
કૃતાનુકરણં લોકે નાટ્યમિત્યભિધીયતે । શ્લોક ૧૨૩

એરિસ્ટોટલની જેમ અંતિમ શ્લોકમાં ભરતમુનિએ નાટ્યને ક્રિયાનું અનુકરણ the Imitation of an action કહ્યું છે. ધનંજયે પણ નાટ્યને અવસ્થાની અનુકૃતિ કહી છે. અવસ્થાનુકૃતિર્નાટ્યમ્ ' આ ઉપરાંત નાટ્યશાસ્ત્રના ૨૧ માં અધ્યાયમાં ભરતમુનિ જણાવે છે કે -

લોકસ્વભાવં સમ્પ્રેક્ષ્ય નરાણાંચ બલાબલમ્ ।
સમ્ભોગઞ્ચૈવ યુક્તિઞ્ચ તતઃ કાર્યન્તુ નાટકમ્ ॥ ૧૨૬ ॥

લોકસ્વભાવ તેમજ મનુષ્યની શક્તિ, સીમા તથા આનંદ-અને બુદ્ધિ બરાબર જોઇને, સંપ્રેક્ષીને નાટ્યકારે નાટકની રચના કરવી જોઇએ. આમ ભરતમુનિનો દૃષ્ટિએ લોકસ્વભાવ-લોકધર્મીતા નાટ્યનો પાયો છે. અભિનવગુપ્તે પણ લોકધર્મીતા ઉપર એટલોજ ભાર મુકયો છે.

યદ્યપિ લૌકિકધર્મવ્યતિરેકેણ નાટ્ય ન કશ્ચિદ્ધર્મોઽસ્તિ ।
(અભિ.ભા.ભા. ૨/૩૫૬)

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં ઠેર ઠેર 'લોકજીવનને' પ્રમાણભુત ગણવાનો આગ્રહ રાખ્યો છે.

લોકો વેદાસ્તથાધ્યાત્મ પ્રમાણં ત્રિવિધં સ્મૃતમ્ ।
(અધ્યાય ૨૬ શ્લોક ૧૨૦)

લોકસિદ્ધં ભવેત્ સિદ્ધં નાટ્યમ્ લોકસ્વભાવજમ્ ।
તસ્માન્નાટયપ્રયોગે તુ પ્રમાણં લોક ઇષ્યતે ।
(અધ્યાય ૨૬ શ્લોક ૧૨૧)

તસ્માલ્લોકઃ પ્રમાણં હિ કર્તવ્યં નાટ્યયોકતૃભિઃ ॥
(અધ્યાય ૨૬ શ્લોક ૧૨૭)

અર્થાત્ નાટયવિધામાં લોક, વેદ તથા અધ્યાત્મ આ ત્રણને પ્રમાણ માનવામાં આવ્યા છે. નાટક જયાં સુધી લોક દ્વારા ગૃહીત અથવા અભિનીત ન થાય ત્યાં સુધી સફળ થતું નથી. એટલે નાટકની સફળતામાં લોકજ અધિકૃત પ્રમાણ છે. નાટ્યકાર તથા નાટ્યપ્રયોકતા એ લોકપ્રસિદ્ધ ઘટના તથા લોકાસિદ્ધ ભાવોનેજ નાટકમાં ગ્રહણ કરવા જોઇએ.

(૨) ભાષાવિધાન

ભરતમુનિએ પાત્રની પ્રકૃતિ, અવસ્થા, દેશ, કાળ, જાતિ વિગેરે ધ્યાનમાં રાખી ભાષાનો પ્રયોજવાનો જે અનુરોધ કર્યો છે તે પણ લોકધર્મીતાનું ઉદાહરણ છે. નાટ્યશાસ્ત્રના ૧૮ માં અધ્યાયમાં ભાષાવિધાન અંતર્ગત વિવિધ પાત્રોની ભાષા તથા લોકબોલીઓનો ઉલ્લેખ કર્યો છે. જેની વિગતવાર ચર્ચા આ અગાઉ 'અભિનય અને પાત્રવિધાન' અધ્યાયમાં કરવામાં આવી છે. તે ભરતમુનિનો લોકધર્મીના માટેનો આગ્રહ દર્શાવે છે.

(૩) પ્રવૃત્તિ વિધાન

ભરતમુનિએ નાટ્યાભિનયમાં યથાર્થતા આવે તે માટે પાત્રોની વેશભૂષા,ભાષા, વ્યવહાર વિગેરેની સ્થાનિક વિશેષતાઓ નાટ્યમાં દર્શાવવી અભિષ્ટ માની છે. તે તેમના પ્રવૃત્તિવિધાન ઉપરથી સ્પષ્ટ થાય છે. આ સ્થાનિક વિશેષતાઓને કારણેજ પાત્ર લોકસાદૃશ જણાય છે. ભરતમુનિની પ્રવૃત્તિ સંબંધી વિચારણા લોકધર્મી કહી શકાય.

(૪) પ્રકૃતિ વિધાન

ભરતમુનિએ પાત્રની પ્રકૃતિ અર્થાત્ તેના સ્વભાવ અને ચારિત્ર્યગત લક્ષણો ઉપર વિશેષ ભાર મુકયો છે. સ્ત્રી અને પુરુષ પાત્રોની ભરતમુનિએ મુખ્યત્વે ત્રણ પ્રકૃતિ માની છે. (૧) ઉત્તમ (૨) મધ્યમ (૩) અધમ. પાત્રની પ્રકૃતિ અનુસાર ભાવનિરુપણ કરવાનો આગ્રહ રાખતા ભરતમુનિ જણાવે છે કે -

ભાવો ય ઉત્તમાનાં તુ ન તં મધ્યેષુ યોજયેત ।
યો ભાવશ્ચૈવ મધ્યાનાં ન તં નીચેષુ યોજયેત ॥ (અધ્યાય ૨૬ શ્લોક ૯૭)

ભરતમુનિનું આ વિધાન લોકધર્મીતાનો આગ્રહ સુચવે છે.

પાત્રની રંગભુષા, વેશભુષા, પાત્રની આંગિક ચેષ્ટાઓ, ગતિવિધાન, નાયક-નાયિકા ભેદ વિગેરેના નિરુપણમાં ભરતમુનિએ પ્રકૃતિભેદનો આધાર લીધો છે.

નાનાશીલા: પ્રકૃતય: શીલે નાટ્યં પ્રતિષ્ઠિતમ્ ।
(અધ્યાય ૨૬ શ્લોક ૧૨૭)

(૫) ધ્રુવાગાન

ધ્રુવાગાન પણ પ્રકૃતિ, દેશ, કાળ, વય, અવસ્થાના આધારે તૈયાર કરવા જોઇએ એ વિધાન પણ લોકધર્મીતાનું સુચક છે.

દેશં કાલમવસ્થાં ચ જ્ઞાત્વા યોજ્યા સદા (ધ્રુવા)બુધૈ: ।
(અધ્યાય ૩૨, શ્લોક ૪૩૫)

(૬) સમન્વિત અભિનય

નટે અભિનય કેવો રીતે કરવો જોઇએ તે સમજાવતાં ભરતમુનિ જણાવે છે કે -

વયોઽનુરુપ: પ્રથમસ્તુ વેષ:
વેષાનુરુપશ્ચ ગતિપ્રચાર : ।
ગતિપ્રચારાનુગતં ચ પાઠ્યં
પાઠ્યાનુરુપોઽભિનયશ્ચ કાર્ય: ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૬૭)

સૌ પ્રથમ વયને અનુરુપ વેષ કરવો, પછી વેષને અનુરુપ ગતિપ્રચાર, ગતિપ્રચારને અનુગત પાઠ્ય અને પાઠ્યને અનુરુપ અભિનવ કરવો. ભરતમુનિના આ વિધાન પણ લોકધર્મીતાનું સુચન કરે છે.

(૭) ગતિવિધાન

ભરતમુનિએ 'ગતિપ્રચાર' નામના અધ્યાયમાં વિવિધ પાત્રો વિશે જે ગતિવિધાન નિરુપ્યું છે તેમાં લોકધર્મીતાના પ્રચુર માત્રામાં દર્શન થાય છે. પાત્રના દેશ, કાળ, અવસ્થા, પ્રકૃતિ તથા સત્વ તેમજ ભાવ અને રસ અનુસાર પાત્રની ગતિ પ્રયોજવાનો આગ્રહ વસ્તુત: ભરતમુનિનો લોકધર્મીતા માટેનો આગ્રહ સુચવે છે. પાત્રની ગતિમાં પાત્રની પ્રકૃતિ તથા સત્વનો સમન્વય લોકધર્મી રુઢિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આંગિક અભિનય અધ્યાય અંતર્ગત આ વિશે વિગતવાર ચર્ચા આ અગાઉ કરવામાં આવી હોવાથી અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું નથી.

(૮) પાઠ્યવિધાન

પાત્રની ભાવસ્થિતિ પ્રમાણે નટે અવાજનો આરોહ-અવરોહ કેવી રીતે પ્રયોજવો ને વિશેની છણાવટ 'પાઠ્યગુણ' અંતર્ગત કરી છે. જે વસ્તુત: લોકધર્મી છે. રંગમંચ ઉપર સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં સંવાદ બોલતી વેળા નટે ભાવ પ્રમાણે અવાજ ઉંચો લઇ જવો, નીચો લાવવો, દ્રુત રાખવો, વિલંબિત રાખવો, દીપ્ત કરવો, મંદ કરવો, વિગેરે વિશે જે વિધાનો ભરતમુનિએ કર્યા છે તે લોકધર્મીતાનો આગ્રહ સુચવે છે.

(૯) આહાર્ય અભિનય

આહાર્ય અભિનય અંતર્ગત ભરતમુનિએ પાત્રાનુસારી વેશભુષા તથા રંગભુષાનો આગ્રહ રાખ્યો છે તે લોકધર્મી છે. માનવીય પાત્રની વેશભુષા અને રંગભુષા પાત્રના દેશ, જાતિ, અવસ્થા, પ્રાદેશિક વિશેષતા, ભાવસ્થિતિ, તથા રસાનુસારી રાખવાનો ભરતમુનિએ સતત આગ્રહ રાખ્યો છે. વસ્તુત: આહાર્ય અભિનયમાં લોકધર્મીતાના લક્ષણો સવિશેષ જોવા મળે છે.

નાટ્યધર્મી :સ્વરુપ

નાટ્યધર્મી-નાટ્ય[1]નું સ્વરુપ વર્ણવતા ભરતમુનિ વિધાન કરે છે કે -

અતિવાક્યક્રિયોપેતં અતિસત્વાતિ-ભાવકમ્ ।
લીલાઅંગહારભિનયં નાટ્યલક્ષણલક્ષિતમ્ ॥
સ્વરાલંકાર સંયુક્તમ્ અસ્વસ્થ પુરુષાશ્રયમ્ ।
યદોદૃશં ભવેન્નાટ્યં નાટ્યધર્મી તુ સા સ્મૃતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૭૧-૭૨)

વાક્ય અને ક્રિયાની અતિશયતાથી યુક્ત, તેજ પ્રમાણે સાત્વિક ભાવોની અતિશયતાથી યુક્ત, તેમજ અતિભાવક, લીલાવાળા અંગહારોના અભિનયથી યુક્ત, નાટ્યનાં લક્ષણોને શાસ્ત્રીય વિધિવિધાનોને અનુસરનારું, ઉચ્ચારણમાં સ્વર અને અલંકારોથી યુક્ત, અસ્વસ્થ એવા પુરુષ સંબંધીનું જે નાટ્ય તે નાટ્યધર્મી કહેવાય છે, એવો ભરતમુનિનો અભિપ્રાય છે

ભરતમુનિ નિરુપિત નાટ્યધર્મીના પ્રત્યેક લક્ષણને પૃથકપણે આ રીતે નિરુપી શકાય.

## (૧) કલ્પના ધ્વારા ઘટના, સત્વનું અતિક્રમણ

(૧) 'અતિવાકયક્રિયપેતમ્...નાટ્યધર્મી તુ સા સ્મૃતા ।''
(અધ્યાય ૧૪ શ્લોક ૭૧)

અભિનવગુપ્ત' ક્રિયા શબ્દનો અર્થ સ્પષ્ટ કરો આપતા જણાવે છે કે ઈતિહાસની યથાવૃત્ત ઘટનાનું અતિક્રમણ કરી કથાવસ્તુને યોગ્ય ઈતિવૃત્તની કવિ (નાટ્યકાર) ધ્વારા નિર્મિત જેમાં કલ્પનાશક્તિ ( imagination ) મુખ્ય ભાગ ભજવે છે તે અહીં, 'ક્રિયા' શબ્દ ધ્વારા સુચવાયું છે. કહેવાનું તાત્પર્ય એ કે નાટ્યકાર ઈતિહાસ પ્રસિધ્ધ વૃત્તાંતને પોતાની કલ્પના દ્વારા નવો ઘાટ આપી તેને નાટકની કથાવસ્તુને યોગ્ય બનાવે છે તે પણ નાટ્યધર્મીનું ઉદાહરણ કહી શકાય. ઈતિહાસ પ્રસિધ્ધ વૃત્તાંતનું યથાતથ નિરુપણ નહીં પણ કલ્પનાની ચમત્કૃતિ ધ્વારા તેનો નવો અવતાર ભરતમુનિને અહીં અભિપ્રેત છે. ઈતિહાસ-પુરાણ વિગેરેની પ્રાચીન ઘટનાઓને જેમની તેમ રજુ ન કરતાં, તેનું અતિક્રમણ કરી, ઉચિત અનુરંજનકારી કલ્પનાત્મક ક્રિયાનો પ્રયોગ થાય છે, પ્રાચીન ઘટનાઓ અધિક આકર્ષક, રોચક અને રમણીય સ્વરુપે રજુ કરવામાં આવે છે અને તેને નાટ્યધર્મી કહે છે. કાલિદાસની શકુંતલા, મહાભારતના 'શકુંતલા ઉપાખ્યાન'ની શકુંતલા કરતાં વધારે સુકુમાર, રમણીય અને મનોહર છે. મહાભારતની ધૃષ્ટ તાપસબાળા શકુંતલા, કવિ કાલિદાસની અદ્‌ભુત કલ્પનાશક્તિ વડે માનસ-હંસિની જેવી સુંદર, લજ્જાશીલ, મુગ્ધા મુનિતનયા રુપે, 'અભિજ્ઞાન શાકુંતલ'માં રજુ થઈ છે જે નાટ્યધર્મીનું સુંદર ઉદાહરણ છે.

શ્રી ગણેશ ત્ર્યંબક દેશપાંડેના કથન અનુસાર, '' કવિ મૂળની ઘટનાને તેજ રુપમાં પ્રસ્તુત કરતો નથી. તેમાં તે પોતાની કલ્પના ધ્વારા ઉમેરો કરે છે કે ફેરફાર કરે છે. આવા નાટ્યાંશને ભરતમુનિએ 'અતિવાકય ક્રિયપેત' કહ્યું છે. આવા નાટ્યમાં કલ્પિત ભાગ નાટ્યધર્મી છે. ઉદાહરણ તરીકે રામકથા પર રચિત નાટકો લઈ શકાય. રામ અયોધ્યામાંથી વનવાસ માટે ગયા તે કૈકેયી અને દશરથનાં વચનોને કારણે. આ ઘટનાનાં મુળ રામાયણ કથા પ્રમાણે રાવણનો બિલકુલ હાથ ન્હોતો. પરંતુ ભવભુતિએ 'મહાવીરચરિત'માં મુળ કથામાં ફેરફાર કર્યો છે. તેમણે એમ દર્શાવ્યું છે કે, રામનો નાશ કરાવવાની રાવણનીજ

ઇચ્છા હતી. અને તે માટે તેને કોઇ પણ નિમિત્તે દંડકારણ્યમાં લાવવાના હતા. તેથી તેણે શુર્પણખાનેજ મંથરાના વેષે રામ પાસે મોકલી. રામના લગ્ન તરતનાજ થયેલા હતા અને તે હજી મિથિલામાંજ હતા. શુર્પણખા રામને મિથિલામાંજ મળી અને તેણે કૈકેયીના સંદેશા તરીકે રામને વનવાસ માટે જવા કહ્યું તે પ્રમાણે રામ વનમાં ગયા. અહીં કૈકેયીના વચન પ્રમાણે રામ વનમાં જાય છે એટલો નાટ્યભાગ 'લોકવાર્તા કિયપેત' હોવાથી લોકધર્મી છે. પણ ભવભુતિએ તેની પાછળ આપેલી કાલ્પનિક કારણ પરંપરા 'અતિવાકયકિયાયેત' હોવાથી નાટ્યધર્મી છે. નાટકમાંના પ્રધાન વીર રસનો પરિપોષ કરવા માટે નાટ્યધર્મને અનુસરીને રસોચિત એવો આ ફેરફાર છે. (ભારતીય સાહિત્યશાસ્ત્ર પૃ.૫૦-૫૧)

HANSA MEHTA LIBRARY 1751 UNIVERSITY OF BARODA

(૨) ...અતિસત્વતિ - ભાવકમ....નાટ્યધર્મી તુ સા સ્મૃતા ।

(અધ્યાય ૧૪ શ્લોક ૭૧)

સત્વ એટલે સ્વભાવ અને ભાવ એટલે ચિત્તવૃત્તિ. પાત્રોના સ્વભાવ અને ચિત્તવૃત્તિ વિગેરે જે રુપે પરંપરાથી ગૃહીત થતા આવ્યા હોય તેનું અતિક્રમણ કરી તેમાં નવીન કલ્પના વિન્યાસ ધ્વારા ચિત્તવૃત્તિ ભિન્ન રુપે પ્રસ્તુત કરવી તે પણ નાટ્યધર્મીતાનુ ઉદાહરણ થયું. 'તાપસવત્સરાજ'માં વિદૂષકની ચંચળ મનોવૃત્તિને પ્રતિકુળ વત્સરાજે તેમાં મંત્રીજનને યોગ્ય એવા ગાંભીર્ય અને અવહિત્થાની યોજના કરી છે. આજ નાટકમાં વત્સરાજની પત્નિ, સ્ત્રીના સ્વભાવને અનુરુપ પ્રાકૃત ભાષાના સ્થાને સંસ્કૃત ભાષાનો પ્રયોગ કરે છે. તેમાં કલ્પના ધ્વારા સત્વ અથવા મનોવૃત્તિનું અતિક્રમણ થાય છે.

કવિ જે રીતે કથાનકમાં ફેરફાર કરે છે તેજ પ્રમાણે તે કેટલીક વાર નાટ્યધર્મને આવશ્યક હોય તો પાત્રની મુળ ચિત્તવૃત્તિમાં ફેરફાર કરે છે. લોકવૃત્તિ પ્રમાણે કેટલાક લોકોના સ્વભાવનું એક નિશ્ચિત બીબું હોય છે. પાત્રો ઐતિહાસિક હોય તો તેમની ચિત્તવૃત્તિ પહેલેથીજ લોકોને જ્ઞાત હોય છે. આ ચિત્તવૃત્તિનું દર્શન મુળ પ્રમાણે કે લોકપ્રવૃત્તિ પ્રમાણેજ કવિએ કરાવ્યુ હોય તો તે ચિત્તવૃત્તિ કે ભાવ 'સ્વભાવ ભાવોપગત'

'અવિકૃત' અને 'શુધ્ધ' હોય છે તેથી તેટલો નાટ્યભાગ લોકધર્મી છે. પણ કવિ આમાં પણ કેટલીક વાર નાટ્યધર્મને અનુસરીને સૌંદર્ય ખાતર ફેરફાર કરે છે અને પોતાની કલ્પનાના પાત્રના મુળ-સ્વભાવમાં ફેરફાર કરે છે. આવો નાટ્યભાગ નાટ્યધર્મી છે એવું ગણેશ દેશપાંડેનું મંતવ્ય છે. ઐતહાસિક ઉદાહરણ તરીકે ભાસના દુતવાકય અને ઉરુભંગ એ બે નાટકો રજુ કરી શકાય. બંને નાટકોમું દુર્યોધનનુંજ પાત્ર છે. દુતવાકયનો દુર્યોધન મહાભારતના દુર્યોધન જેવોજ છે. તેની સ્વભાવરેખા 'સ્વભાવભાવોપગત' 'શુધ્ધ' અને 'અવિકૃત' છે. આ નાટ્યભાગ લોકધર્મી છે. પણ ઉરુભંના દુર્યોધનને ભાસે એટલો બદલી નાખ્યો છે કે તે ઉધ્ધત સ્વભાવ છોડી ~~ધીરોદાત્ત~~ ધીરોદાત્ત બનવાની પ્રતિતી ઉત્પન્ન કરે છે. અહીં દુર્યોધનનું પાત્ર 'અતિસત્વ' તથા અતિભાવક હોવાથી તે નાટ્યધર્મા છે એવું શ્રી ગણેશ દેશપાંડેનું માનવું છે. (એજન પૃ.૫૨)

(૨) લક્ષણાનુસારિતા અને અભિનયમાં મનોહારિતા

'લીલાઅંગહાર અભિનયં નાટ્યલક્ષણલક્ષિતમ્ ॥ ૭૧ ॥

લીલાપ્રધાન તેમજ મનોહર અંગહારોની પ્રાધાન્યતાવાળા અભિનયથી યુકત નાટ્યની લક્ષણાનુસારિતા પણ નાટ્યધર્મી છે. કલ્પનાશીલ કાવ્ય-ભાગ અર્થાત નાટ્યકારની નાટ્યકૃતિમાં અને પ્રયોગભાગ અર્થાત્ નાટકની રજુઆતમાં નાટ્યધર્મી પ્રભાવને લીધે નાટ્યના તમામ લક્ષણો વિધમાન રહે છે. એ લક્ષણોથી સુશોભિત આંગિક વિગેરે અભિનયોને શોભાપ્રધાન મનોહારી અંગહાર વિગેરેના માધ્યમથી રજુ કરવામાં આવે છે. નાટ્યનો કાવ્યભાગ અને પ્રયોગભાગ યથાવત્ રુપે પ્રસ્તુત કરવામાં આવતો નથી. નાટ્યધર્મી રુઢિમાં શાસ્ત્રીય વિધિ વડે સંપન્ન અભિનય સુચારું અને વધારે રોચક બને છે.

(૩) સ્વર અંલકારયુકત પાઠ તથા ગાન

'' સ્વરરાલંકાર સંયુકતમ્...નાટ્યધર્મી તુ સા સ્મૃતા' ॥૭૨॥

આવશ્યકતાનુસાર વાચિક અભિનયમાં સ્વરોના હૃદયગ્રાહી રાગયુકત આરોહ અવરોહ તથા અલંકારોનો મધુર વિનિયોગ પણ નાટ્યધર્મી કહેવાય. કલ્લિનાથ જણાવે છે તેમ-

''વાકયાભિનયે કેવલવાકયોચ્ચારણં લોકધર્મો: રાગયુકત વાકયોચ્ચારણં નાટ્યધર્મો। અર્થાત વાચિક અભિનયમાં કેવળ વાકય ઉચ્ચારણ લોકધર્મો કહેવાય પરંતુ રાગયુકત વાકય ઉચ્ચારણ નાટ્યધર્મો કહેવાય.

(૪) ભુમિકા વિપર્યય

'' અસ્વસ્થ પુરુષાશ્રયમ્ ... નાટ્યધર્મો તુ સા સ્મૃતા ॥ ૭૨ ॥

ભરતમુનિએ ભુમિકાવિપર્યયના સંબંધમાં 'અસ્વસ્થપુરુષાશ્રયમ્' એવો શબ્દ પ્રયોગ કર્યો છે તેનો અર્થ અભિનવગુપ્તે આ પ્રમાણે છે. અસ્વસ્થપુરુષાશ્રિત એટલે પુરુષે અભ્યાસથી પ્રાપ્ત કરેલો સ્ત્રીનો વ્યાપાર કે સ્ત્રીએ અભ્યાસથી પ્રાપ્ત કરેલો પુરુષનો વ્યાપાર.

આમ નટ સ્ત્રી પાત્ર રજુ કરે અને નટી પુરુષપાત્ર રજુ કરે તે પણ નાટ્યધર્મો કહેવાય. આ વિપર્યય પ્રણાલિકાઅનુસાર પુરુષ પાત્ર સ્ત્રીની ભુમિકા કરતી વેળા અને સ્ત્રી પાત્ર પુરુષની ભુમિકા કરતી વેળા કેવળ પોતાની વેશભુષા, ભાષા, અંગોની ઉધ્ધત અથવા સુકુમાર લીલાનેજ પરસ્પર વિપર્યય કરતા નથી પણ નાટ્યપ્રયોગ દરમ્યાન પરસ્પર સ્વભાવનો ત્યાગ કરી અન્યનો સ્વભાવ પણ ધારણ કરે છે. અભિનવગુપ્તની ટીકા અનુસાર જયાં પુરુષ પોતાના (સહજ) રુપમાં ન રહેતાં સ્ત્રીભાવનો આશ્રય લે તો પણ નાટ્યધર્મો થઇ જાય છે.

(૫) લોકપ્રસિધ્ધ દ્રવ્યોનો મુર્તિમાન પ્રતીક રુપે પ્રયોગ

ભરતમુનિ જણાવે છે તેમ -

લોકે યદભિયોજ્યાન્ય પદમત્રોપયુજયતે ।<br>
મુર્તિમત્સાભિલાષસ્વ નાટ્યધર્મો તુ સા સ્મૃતા ॥<br>
(અધ્યાય ૧૪ શ્લોક ૭૩)

જેમાં લોકપ્રસિધ્ધ વસ્તુનો (દ્રવ્યોનો ) મુર્તરુપે કુશળતાપૂર્વક સંવાદ સહિત પ્રયોગ કરવામાં આવે તેને પણ નાટ્યધર્મો કહેવાય.

સંસારમાં વિવિધ સામગ્રીઓ, આચાર, વ્યવહાર અને કર્મના દર્શન થાય છે. આ લોકપ્રસિધ્ધ દ્રવ્યોનો મુર્તરુપે-મુર્તિમાન પ્રતિકરુપે જે પ્રયોગ થાય છે તે પણ નાટ્યધર્મો

રુઢિ અનુસાર થાય છે. અભિનવગુપ્ત તેનું ઉદાહરણ આપતા જણાવે છે કે -

'' યથા માયાપુષ્પકે 'તતઃ પ્રવિશતિ બ્રહ્મશાપ' ઇતિ । ''

'માયાપુષ્પક' નામના નાટકમાં બ્રહ્મશાપ વ્યક્તિરુપે-મુર્તરુપે પ્રવેશે છે. બ્રહ્મશાપ એક ક્રિયા છે તેનો કાયાવત્ પ્રયોગ થાય છે. આ પ્રમાણે રંગમંચ ઉપર કથાવસ્તુની માંગ પ્રમાણે જો કોઇ પાત્રના માર્ગમાં પર્વત આવે ને જો એ પાત્ર પોતાના સંવાદ દ્વારા - ' આ સામે પર્વત ઉભો છે કેવી રીતે આગળ વધું ?' - એવા વાકયપ્રયોગ દ્વારા તેનું સુચન કરે તો તે પણ નાટ્યધર્મી કહેવાય. અહીં રંગમંચ ઉપર સાક્ષાત પર્વત તો છે નહિ પણ માત્ર કક્ષ્યાવિધિ દ્વારા, ઇચ્છા અથવા કાર્યરુપે તેનો આભાસ પ્રેક્ષકોને કરાવે છે તે પણ નાટ્યધર્મીતાથી. અભિનવગુપ્તના કથનાનુસાર જે ક્રિયાઓ ઇચ્છારુપેજ રહેતી હોય તે કલા, શિલ્પ વિગેરેના આકલન વડે મુર્તરુપે રંગમંચ ઉપર પ્રયોજાય છે.

(૬) <u>શૈલ, યાન, વિમાન, આયુધ વિગેરેનો મુર્તિમંત પ્રયોગ</u>

ભરતમુનિના કથન અનુસાર -

શૈલયાનવિમાનાનિ ચર્મવર્માયુધ ધ્વજાઃ ।
મુર્તિમન્ત પ્રયુજ્યન્તે નાટ્યધર્મી તુ સા સ્મૃતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૭૫)

જેમાં પર્વત, વાહન, વિમાન તથા ઢાલ, કવચ, શસ્ત્ર તથા ધ્વજ વિગેરેનો મુર્તમંત અર્થાત મુર્તરુપે પ્રયોગ થાય તો તેને પણ નાટયધર્મી કહેવાય.

રંગમંચની પોતાની એક સીમા હોય છે. તેના પર પર્વત, યાન, વિમાન અને આયુધ વિગેરેનો પ્રકૃતરુપે પ્રયોગ સંભવિત નથી. એટલે ભરતમુનિએ આ લૌકિક વસ્તુઓ માટે પ્રતીકાત્મક પ્રયોગવિધિ પણ સુચવી છે. કયારેક પાત્રની વિશિષ્ટ આંગિક ચેષ્ટાઓ દ્વારા આ ભૌતિક પદાર્થોનો બોધ થાય છે તો કયારેક આ ભૌતિક પદાર્થોના માનવીકરણ personification દ્વારા તેને રંગમંચ ઉપર મુર્ત સ્વરુપે રજુ કરવામાં આવે છે. શૈલ યાન વિગેરેનો મુર્તિમંત પ્રયોગ નાટ્યધર્મી રુઢિ દ્વારા સંપન્ન થાય છે. અભિનવગુપ્તની ટીકા અનુસાર શૈલ આદિ પદાર્થોનો આવશ્યકતાનુસાર નટ જે પ્રયોગ કર્યા છે તે પ્રયોગ પણ

નાટ્યધર્મી હોય છે.

(૭) આસન્ન વચનનું અશ્રવણ તથા અપ્રયુકત વચનનું શ્રવણ

ભરતમુનિના જણાવ્યાનુસાર :

આસન્નોકતઞ્ચ યદ્વાકર્યં ન શ્રવન્તિ પરસ્પરમ્ ।
અનુકતં શ્રુયતે યચ્ચ નાટ્યધર્મી તુ સા સ્મૃતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૭૪)

જ્યાં સમીપતર વચનો પણ સાંભળવામાં ન આવે અને અનુકત વચનો સાંભળી પ્રત્યુત્તર આપવામાં આવે તો તેને નાટ્યધર્મી કહી શકાય. નાટ્યપ્રયોગના સંદર્ભમાં કથાવસ્તુના આગ્રહથી આસન્ન પાત્રના ઉચ્ચરિત વચનને બીજા પાત્રો ન સાંભળે તે માટે 'જનાંતિક' અને 'અપવારિત' જેવા નાટ્યશિલ્પોનો પ્રયોગ કરવામાં આવે છે. તેજ પ્રમાણે કથાવસ્તુના આગ્રહથીજ અપ્રયુકત વચન પાત્ર સાંભળી લે છે. આકાશભાષિતનો વિનિયોગ પણ આ વિધિ અનુસાર થાય છે. અભિનવગુપ્તની ટીકા અનુસાર આસન્નવચનનું અશ્રવણ અને અન્યના અશ્રુયમાનનું શ્રવણ વિગેરે કેવળ ધર્મતઃ સંભવિત છે અને તે સૌંદર્યસાધક પણ હોય છે. અનુકતને આકાશભાષિત રુપે કેવળ અભિનેતા માત્ર શ્રવણ કરે છે.

(૮) એક નટ દ્વારા બે ભુમિકા

ભરતમુનિના વિધાન અનુસાર -

ય એકાં ભુમિકાં કૃત્વા કુર્વીતે કાન્તરેકપરામ્ ।
કૌશલ્યાદેકકત્વાદ્વા નાટ્યધર્મીતિ સા સ્મૃતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૭૬)

જેમાં નટ એક ભુમિકા નિભાવ્યા પછી પુનઃ બીજી ભુમિકા ધારણ કરે તથા પોતાના કૌશલ્યથી બંને ભુમિકાઓ સરખી સફળતાથી નિભાવે તો તેને પણ નાટ્યધર્મી કહેવાય. આમ ભરતમુનિના નિર્દેશ અનુસાર એક નટ એકથી વધારે ભુમિકામાં અભિનયનો પ્રયોગ કરે છે. તેના બે કારણો હોઇ શકે, એક તો નટની અભિનય કુશળતા અને બીજું નટોની ન્યુનતા. આ બે કારણોને લીધે કુશળ પ્રયોકતા નટ એક કરતાં વધારે ભુમિકાઓ નાટ્યધર્મી રુઢિ

અનુસારજ ભજવે છે. આમ ભરતમુનિના સમયમાં એક નટ એકથી વધારે ભુમિકાઓ ભજવતો હોવાનો અણસાર મળે છે.

(૯) અગમ્યા - ગમ્યાની ભુમિકા

ભરતમુનિના કથન અનુસાર -

યાSગમ્યા પ્રમદા ભૂત્વા ગમ્યા ભૂમિષુ યુજ્યતે ।
ગમ્યા ભૂમિષ્વગમ્યા વા નાટ્યધર્મા તુ સા સ્મૃતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૭૭)

જો સ્ત્રી અભિનેત્રી પહેલાં અગમ્ય સ્ત્રી (પુજ્ય અથવા વૃધ્ધા)ની ભુમિકા ધારણ કર્યા બાદ ગમ્યા સ્ત્રી (નાયિકા અથવા પ્રેયસી)ની ભુમિકા ધારણ કરે અથવા ગમ્યા સ્ત્રીની ભુમિકાની સાથે સાથે અગમ્યા સ્ત્રીની ભુમિકા પણ ધારણ કરે તો તે (કેવળ નાટ્યપ્રયોજન અથવા કાર્યને લીધે) નાટ્યધર્મા કહેવાય છે.

(૧૦) અંગોનો લલિત વિન્યાસ

ભરતમુનિ જણાવે છે તેમ -

લલિતૈ: અંગવિન્યાસૈસ્તથોત્ક્ષિપ્ત પદક્રમૈ: ।
નૃત્યતે ગમ્યતે ચાપિ નાટ્યધર્મા તુ સા સ્મૃતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૭૮)

(કોઇ નાટકમાં પાત્રોની) ગતિ, લલિત, અંગોના હલન ચલન સાથે ડગલાં ભરી પ્રદર્શિત કરવાથી તે સામાન્ય ગતિ હોવા છતાં પણ (સુંદરતાને લીધે) નૃત્યની ગતિની જેમ અસામાન્ય લાગે તો તેને પણ નાટ્યધર્મા કહેવાય.

સામાન્ય પાદ-પ્રચારથી વિપરીત નાટ્યધર્મા પ્રયોગશૈલીમાં પાત્ર લલિત અંગવિન્યાસ અને ભાવસમૃધ્ધ ચરણવિન્યાસ કરે છે. અંગોના લાલિત્યથી નૃત્ય સંપન્ન થાય છે અને ભાવપૂર્ણ ચરણવિન્યાસ દ્વારા રંગમંચ ઉપર સંચરણ, પાત્રનો પ્રત્યેક ચરણવિન્યાસ પાત્રની સુખદુ:ખાત્મક મનોદશાને મુર્ત બનાવી તેને અનુભવગમ્ય બનાવે છે, જે નાટ્યધર્મા

રુઢિ દ્વારાજ પરિપુર્ણ થાય છે. ભરતમુનિની દૃષ્ટિએ અંગોના લાલિત્યની સાથે નર્તન અને ભાવ-સમૃધ્ધ ચરણ વિન્યાસનો નાટ્યપ્રયોગમાં થતો વિનિયોગ નાટ્યધર્મી રુઢિનું ઉદાહરણ છે.

અભિનવગુપ્તની ટીકા અનુસાર અહીં લલિત અર્થાત આવેષ્ટિત વિગેરે કરણથી ગૃહીત વર્તના તથા ઉત્ક્ષિપ્ત પદ વડે ચતુસ્તાલ વિગેરે દ્વારા થતા કાલવિભાગ પણ સુચિત થાય છે. 'નૃત્યતે ગમ્યતે' માં નૃત્ત સદૃશ 'વિશાખગતિ'નો પ્રયોગ સુચવાય છે.

(૧૧) લોકસ્વભાવનો અંગાદિ દ્વારા અભિનય

ભરતમુનિના મત પ્રમાણે -

> યોડયં સ્વભાવો લોકસ્ય સુખદુ:ખ ક્રિયાત્મક: ।
> સોડંગાભિનય સંયુક્તો નાટ્યધર્મી પ્રકીર્તિત: ॥
>
> (અધ્યાય ૧૪ શ્લોક ૭૯)

લોકોનો આ જે સુખદુ:ખથી યુક્ત સ્વભાવ છે તે અંગ આદિના અભિનયથી યુક્ત થતાં એટલે કે તે વડે દર્શાવાતાં નાટ્યધર્મી કહેવાય છે.

મનુષ્યમાત્રનો સ્વભાવ સુખદુ:ખાત્મક હોય છે અને તદાનુરુપ તેની ચેષ્ટાઓ પણ સુખદુ:ખની અભિવ્યક્તિ સાધનારી હોય છે. નાટ્યપ્રયોગમાં માનવના આ પ્રકૃત સુખદુ:ખાત્મક સ્વભાવને આંગિક અભિનય તથા વિવિધ વાદ્યોથી સમન્વિત કરી રજુ કરવામાં આવે છે અને તે પણ નાટ્યધર્મી રુઢિનુંજ ઉદાહરણ બને છે કારણ કે લોક-વ્યવહારમાં શાસ્ત્રીય નિયમો અનુસાર સુખદુ:ખની અભિવ્યક્તિ સાધવામાં આવતી નથી. નાટ્યપ્રયોગ દરમ્યાન પાત્રના સુખદુ:ખ, અભિનય અને આતોદ્ય આદિના યોગ વડે નિષ્પન્ન થાય છે અને તે નાટ્યધર્મી કહેવાય છે.

અહીં નોંધવા જેવી વાત એ છે કે ભરતમુનિએ નાટ્યધર્મીની જે ઉપરોક્ત પરીભાષા આપી છે તે તથા નાટ્યની જે પરિભાષા આપી છે તે સરખી છે.

> યોઽય: સ્વભાવો લોકસ્ય સુખદુ:ખક્રિયાત્મક:
> સા (સોઽ) અંગાભિનયસંયુક્તો નાટ્યમિત્ત્યભિધીયતે ॥
>
> (અધ્યાય ૧ શ્લોક ૧૧૯)

'લોકોનો આજે સુખદુ:ખથી યુકત સ્વભાવ છે તે અંગ આદિના અભિનયથી યુકત થતાં એટલે કે તે વડે દર્શાવાતાં નાટ્ય કહેવાય છે.''

લૌકિક જીવન સાથે સંકળાયેલ હોવા છતાં નાટ્યની મુળભુત વિભાવનાજ નાટ્યધર્મી છે. જે માત્ર નાટકમાંજ સંભવી શકે ,.તે નાટ્યધર્મી એવો સામાન્ય ખ્યાલ છે. નાટ્યધર્મી એટલે જે નાટ્યનો મુખ્ય ધર્મ-સ્વરુપ-લક્ષણ છે તે. નાટ્યમાં જે ઘટનાઓ ઘટે છે, જે રીતે પાત્ર વિકસે છે, વાસ્તવજીવનમાં એજ રીતે ઘટનાઓ બનતી નથી કે પાત્રો વિકાસ પામતાં નથી.

નાટ્યની અન્યત્ર આપેલી પરિભાષા પ્રમાણે નાટ્યની મૂળભુત વિભાવના 'સ્વભાવ' નો પરિત્યાગ સુચવે છે.

યસ્માત્ સ્વભાવં સહંત્ય સાંગોપાંગગતિક્રમૈ :
અભિનીયતે ગમ્યતે ચ તસ્માદ્ નાટકં સ્મૃતમ્ ॥

(અધ્યાય ૨૧ શ્લોક ૧૨૩)

પોતાનો સ્વભાવ ત્યાગી (સંત્યજ્ય/સહૃત્ય) પોતાના અંગો તથા ઉપાંગોના અભિનય તથા ગતિ ક્રમશ: પ્રસ્તુત કરી નટો જેનું અર્થઘટન કરી (ગમ્યતે) અભિનીત કરે (અભિનીયતે) તે નાટક કહેવાય.

શ્રી ગણેશ દેશપાંડે આ સંદર્ભમાં જણાવે છે કે મુળ વાતને અધિક આકર્ષક અને શોભાકારી કરવા રંગભૂમિ ઉપર જે કંઇ દર્શાવવામાં આવે તે બધું નાટ્યધર્મી છે. રંગભૂમિ ઉપર નટના અભિનયને અપાયેલો સંગીતનો સાથ નટની ચારી અને ધ્રુવા, લોકમાં કદીપણ જોવા મળતા નથી. પણ નાટકમાં આજ બાબત અપૂર્વ સૌંદર્ય નિર્માણ કરે છે. આ બધું નાટ્યધર્મી છે. એટલુંજ નહિ પણ નાટ્યમાં મુળ ભાવ અને અવસ્થા સૌંદર્યમય રીતે અને પરિણામકારી રુપમાં અભિવ્યકત કરવા માટે કરેલો રંગભૂમિ પરનો બધોજ વ્યાપાર નાટ્યધર્મી છે.'' (ભારતીય સાહિત્ય શાસ્ત્ર પૃ.૫૩)

## (૧૨) રંગપીઠ ઉપર કક્ષ્યાવિભાગ

ભરતમુનિના કથન અનુસાર -

યશ્ચ કક્ષ્યાવિભાગોડયં નાનાવિધિ સમાશ્રિત: ।
રંગપીઠગત: પ્રોક્તો નાટ્યધર્મી તુ સ: સ્મૃત: ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૮૦)

રંગપીઠ ઉપર વિવિધ પ્રકારના વિધિ વિધાનો દ્વારા પ્રયોજવામાં આવતા કક્ષ્યાવિભાગો પણ નાટ્યધર્મી કહેવાય છે.

રંગપીઠ ઉપર કક્ષ્યાવિભાગની સમગ્ર પ્રક્રિયા નાટ્યધર્મી દ્વારાજ પરિપૂર્ણ થાય છે. વસ્તુત: નાટ્યધર્મી રુઢિ દ્વારાજ તે શક્ય બને છે. કક્ષ્યાવિભાગ અને અન્ય અભિનય પ્રકારો ઘણાં અંશે કૃત્રિમ છતાં નાટ્યશિલ્પનું કૌશલ છે. ચિત્રાભિનયનો સમસ્ત સાંકેતિક અભિનય નાટ્યધર્મી વિધિ દ્વારાજ સંપન્ન થાય છે.

ભરતમુનિએ આહાર્ય અભિનય અંતર્ગત રંગભુષા અને વેશભુષાનું વિધાન કરતી વેળા લોકધર્મી રુઢિ અનુસાર પાત્રની વય, અવસ્થા, પ્રકૃતિ, સ્વભાવ, દેશ, કાળ પ્રમાણે રંગભુષા અને વેશભુષા રાખવાનો આગ્રહ રાખ્યો છે પણ રંગમંચ ઉપર દૃશ્યવિધાનની બાબતમાં તો નાટ્યધર્મી રુઢિનોજ આગ્રહ રાખ્યો છે. વાસ્તવિકતાનો આભાસ ઉભો કરે તેવી દૃશ્યરચના અને પ્રકાશ આયોજન એ સાંપ્રત રંગભૂમિનું મુખ્ય લક્ષણ છે પરંતુ ભરતમુનિએ દૃશ્યરચનાની બાબતમાં આવી વાસ્તવિકતાનો આગ્રહ ન રાખતા માત્ર સંકેતાત્મક, પ્રતીકાત્મક દૃશ્યવિધાનનો વિશેષ આગ્રહ રાખ્યો છે. પુસ્ત અને સંજીવ દ્વારા અત્યંત અલ્પ પ્રમાણમાં દૃશ્યવિધાન સુચવાતું પણ નાટકની કથાવસ્તુ અને ક્રિયાસ્થળ locale સુચવવા માટે મોટા દૃશ્યબંધો ઉભા કરવાની જગ્યાએ માત્ર નટના અભિનય કૌશલ તથા પ્રેક્ષકની કલ્પનાશકિત ભરતમુનિએ ખપમાં લીધાં છે. નાટ્યકારનો શબ્દ અને કક્ષ્યાવિભાગની રુઢિ - બસ માત્ર આ બે સાધનો વડે નટ એક સાથે અનેક દૃશ્યો રંગમંચ ઉપર ઉભા કરી શકતો અને પ્રેક્ષકની કલ્પનાશકિત તેમાં પ્રાણ પુરતી.

## (૧૩) સહજ ભાવોની અંગ, અલંકાર, ચેષ્ટા દ્વારા અભિવ્યક્તિ

ભરતમુનિના જણાવ્યા પ્રમાણે -

સર્વસ્ય સહજો ભાવ: સર્વો હ્યભિનયોડર્થત: ।
અંગાલિંકારચેષ્ટા તુ નાટ્યધર્મા પ્રકીર્તિતા ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૮૨)

માનવમાં વિદ્યમાન સર્વ સહજ ભાવો જ્યારે આંગિક અભિનય, અલંકાર તથા ચેષ્ટાઓ સાથે આવશ્યકતા અનુસાર (અર્થત:) અભિનીત કરવામાં આવે ત્યારે તે નાટ્યધર્મી કહેવાય છે. નાટ્યપ્રયોગ વેળા માનવીય સહજ ભાવોને અભિપ્રાય વિશેષ દ્વારા અભિનયનું રુપ આપવામાં આવે છે. આંગિક ચેષ્ટા અને અલંકારોના યોગ વડે આ સહજ ભાવોમાં રાગાત્મકતા - રસમયતાનો સંચાર થાય છે.

## (૧૪) નાટ્યધર્મીના અન્ય ઉદાહરણો

### કાવ્યમય બાની

નાટ્યકાર જ્યારે રોજબરોજની વાતચીતની ભાષામાં સંવાદો ન રચતા કાવ્યમય બાનીનો - એરિસ્ટોટલ જેને અલંકૃત ભાષા કહે છે તેનો - વિનિયોગ કરે છે ત્યારે તેને નાટ્યધર્મી રુઢિનું ઉદાહરણ કહી શકાય. ભરતમુનિએ પણ વિવિધ પ્રકારના છંદો, ઉદાર તથા મધુર શબ્દાવલી દ્વારા રસાનુવર્તી રીતે નાટ્યમાં પ્રયોજવાનું સુચન કર્યું છે.

ઉદાર મધુરૈ: શબ્દૈસ્તત્ કાર્યન્તુ રસાનુગમ ॥
(અધ્યાય ૧૭ શ્લોક ૧૧૮)

'ભાષાવિધાન' નામના અધ્યાયમાં વિવિધ પ્રયોગોમાં ખાસ કરીને લલિત પ્રયોગોમાં ભાષા કેવી હોવી જોઇએ તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે નાટ્યાશ્રય કૃતિઓમાં અર્થાત નાટકાદિ રુપકોમાં ઉદાર અને મધુર તથા પ્રમદાઓ - યુવતિઓ બોલી શકે. પાઠાન્તરે અભિનેય કરી શકે - એવા શબ્દો યોજવા પ્રયત્ન કરવો જોઇએ. એવા શબ્દોથી વિભૂષિત થયેલા કાવ્યબન્ધો બહું શોભે છે જેમ રાજહંસોથી વિકસેલા પદ્માકરો. (શ્લોક ૧૧૯)

એજ અધ્યાયમાં તેઓ જણાવે છે કે જેમાં મૃદુ અને લલિત પદ-અર્થ હોય, જે ગુઢ શબ્દ-અર્થથી રહિત હોય એવું નાટક જગતમાં પ્રેક્ષકોને યોગ્ય થાય છે.

મૃદુ લલિતપદાર્થ ગૂઢ શબ્દાર્થહીન

......

ભવતિ જગતિ યોગ્ય નાટકં પ્રેક્ષકાણામ્ ॥ ૧૨૧ ॥

૨૧ માં અધ્યાયમાં શબ્દોના પ્રયોગોમાં ઔચિત્ય હોવું જોઈએ તે વિશે વાત કરતાં ભરતમુનિ જણાવે છે કે જે નાટ્ય રચનાઓ 'ચેકોકિત' જેવા કિલષ્ટ શબ્દો પ્રયોજાય છે તે કમણ્ડધારી બ્રાહ્મણો વચ્ચે સ્થિત વેશ્યાની જેમ ઉપયુકત થતા નથી. (શ્લોક ૧૩૦)

'આનંદવર્ધન' ધ્વન્યાલોક'માં અલંકારો અને સમાસોના અતિ ઉપયોગથી દુર રહેવાનું જણાવે છે., ખાસ કરીને ક્રિયાપ્રધાન નાટકોમાં, પ્રકરણ, પ્રહસન અને ભાણ જેવા સામાજિક રુપકોમાં લોકધર્મી ભાષા અને નાટક તથા શુધ્ધ પ્રકરણમાં નાટ્યધર્મી ભાષાનો પ્રયોગ વિશેષપણે થયેલો જોવા મળે છે.

## નાટકમાં સંગીત

નાટકમાં સંગીતનો પ્રયોગ એ પણ નાટ્યધર્મી રુઢિનું ઉદાહરણ છે. સંસ્કૃત નાટકોમાં આવતા વિવિધ શ્લોકોનું પઠન તથા ગાન તેમજ ધ્રુવા નાટ્યધર્મી રુઢિ ધ્વારા પ્રયોજાય છે. આ ઉપરાંત નાટકમાં નિરુપિત ભાવને સઘન બનાવવા થતો વાદ્યસંગીતનો વિનિયોગ પણ નાટ્યધર્મી કહેવાય. પાત્રના પ્રવેશ સમયે પ્રવેશિકી ધ્રુવાગાન થતું જેમાં પ્રવેશનાર પાત્રની અવસ્થા, ક્રિયાસ્થળ અને અન્ય પરિસ્થિતિ સાંકેતિક ભાષા અને ગીતના લય ધ્વારા પ્રેક્ષકોમાં સંક્રાન્ત થતો. સંગીતનો આ પ્રકારનો વિનિયોગ નાટ્યધર્મી રુઢિનું ઉદાહરણ છે. આ ઉપરાંત રાગયુકત વાક્ય ઉચ્ચારણમાં સંગીતના તત્વો રહેલા છે જે નાટ્યધર્મી છે.

## પશુ પક્ષીઓ માનવભાષામાં બોલે તે

નાટકની કથાવસ્તુનો વિકાસ સાધવા તથા પાત્રોની માનસિક દશા અવગત

કરાવવા નાટ્યકાર ક્યારેક પશુ પક્ષીઓને મનુષ્યની જેમ બોલતા નિરુપે છે જે નાટ્યધર્મી રુઢિનું ઉદાહરણ છે. પશુ પક્ષીઓ માનવભાષા બોલે તે અસ્વાભાવિક સ્થિતિ છે અને તેથીજ તે નાટ્યધર્મી છે. ભરતમુનિ કહે છે -

અથ જાત્યન્તરીભાષા ગ્રામ્યારણ્યપશુદ્ભવા ।
નાનાવિહગજા ચૈવ નાટ્યધર્મી પ્રયોગત: ॥

(અધ્યાય ૧૮ શ્લોક ૨૯)

જાત્યન્તરી ભાષા એ છે જે ગ્રામ તથા અરણ્યમાં રહેનારા પશુ-પક્ષીઓની ભાષા હોય છે. તેનો નાટ્યધર્મી વિધાન અનુસાર નાટક વિગેરેમાં પ્રયોગ કરવો જોઇએ.

રંગમંચ નિષિધ્ધ કાર્યો

'નાટ્ક નાયિકા વ્યવહાર' પ્રકરણ અંતર્ગત ભરતમુનિએ જે રંગમંચ નિષિધ્ધ કાર્યો વર્ણવ્યા છે તે રંગમંચ ઉપર નિસર્ગવાદનો પ્રતિકાર સુચવે છે. વ્યવહારિક જીવનમાં બનતી બધીજ ક્રિયાઓ રંગમંચ ઉપર દર્શાવવી ઉચિત કે સુરુચિપૂર્ણ હોતી નથી. ઘરના તમામ સભ્યો સાથે બેસીને નાટકનો આનંદ માણતા પ્રેક્ષક માટે રંગમંચ ઉપર ભજવાતા સંભોગના દ્રશ્યો કે સ્થૂળ કામવાસના દર્શાવતા દ્રશ્યો કે નાયિકાનું નિ:વસ્ત્ર થવું વિગેરે દ્રશ્યો રુચિને આઘાત આપનારા નિવડે છે એટલે આવા દ્રશ્યો લોકધર્મી શૈલીમાં યથાતથ નિરુપવાની જગ્યાએ નાટ્યધર્મી શૈલીમાં તેનો માત્ર સંકેત કરવો ભરતમુનિની દ્રષ્ટિએ વધુ કલાત્મક છે.

ન કાર્યં શયનં રંગે નાટ્યધર્મં વિજાનતા ।
કેનચિદ્વચનાર્થેન અંકચ્છેદો વિધીયતે ॥

(અધ્યાય ૨૪ શ્લોક ૨૯૫)

ઘટનાઓનું સૂચ્ય-દ્રશ્ય રુપે વિભાજન

રંગમંચ પર પ્રયોગની દ્રષ્ટિએ કથાવસ્તુનું બે ખંડોમાં ભરતમુનિએ વિભાજન સુચવ્યું છે. કથાવસ્તુનો સરસ ઉચિત અને આવશ્યક અંશ અંકોના માધ્યમ વડે રજુ કરવામાં

આવે છે. પણ નાટ્યપ્રયોગની દૃષ્ટિએ નીરસ અને અનુચિત અંશ વિષ્કંભક, પ્રવેશક, ચુલિકા, અંકાવતાર અને અંકમુખ વિગેરે અર્થોપક્ષેપકોના માધ્યમ વડે દર્શાવવામાં આવે છે. દશરુપકકાર ધનંજયે તેને 'સુચ્ય' અને 'દૃશ્ય' એવી સંજ્ઞા આપી છે. સુચ્ય દ્વારા નીરસ અને અનુચિત ઘટનાઓનું સુચન થાય છે અને દૃશ્ય દ્વારા રંગમંચ ઉપર પ્રયોજ્ય વૃત્ત રજુ કરવામાં આવે છે. ઘટનાઓનું આ પ્રકારે વિભાજન લોકધર્મીતાનો નિષેધ સુચવે છે. સંસ્કૃત નાટ્યકારોએ પણ આ પ્રકારનું વિભાજન માન્ય રાખ્યું છે. આગ, ખુનામરકી, વિપ્લવ, વિદ્રવ જેવા દૃશ્યો રંગમંચ ઉપર સાક્ષાત દર્શાવવાની જગ્યાએ આવા પ્રસંગોની પાત્ર ઉપર થતી અસર અને પાત્રની પ્રતિક્રિયા દ્વારા આવા દૃશ્યોનું સુચન કરવું વધુ માન્ય રાખ્યું છે. રંગમંચ ઉપર અંત:પુર દહન સાક્ષાત દર્શાવવાની જગ્યાએ એ દહનમાં ભસ્મીભુત થઇ ગયેલી વાસવદત્તાના વિરહથી પીડાતા ઉદયનને રજુ કરવો એ વધારે માન્ય રાખ્યું છે. તેજ પ્રમાણે 'કામદહન' રંગમંચ ઉપર બતાવવાની જગ્યાએ તેની અસર (તેના પરિણામો) ઇન્દ્ર, પાર્વતી અને અન્ય પાત્રો ઉપર શી થઇ તે બતાવવું વધારે યોગ્ય માન્યું છે. પ્રેક્ષકોની નસોને તંગ કરી શકે તેવી દૃશ્યશ્રાવ્ય અસરો યોજવાની જગ્યાએ પ્રેક્ષકની રસવૃત્તિને ઉત્તેજે તે રીતે આલેખન કરવું એ નાટ્યધર્મીતાનું ઉદાહરણ છે.

<u>સંકેતાત્મક દૃશ્યો</u>

નાટ્યપ્રયોગ દરમ્યાન અમુક દૃશ્યો વાસ્તવિક રીતે દર્શાવવાની જગ્યાએ તેને સંકેતાત્મક રીતે રજુ કરવા તે પણ નાટ્યધર્મી કહેવાય. ગતિપ્રચાર અધ્યાયમાં ભરતમુનિ જણાવે છે કે -

> સંજ્ઞામાત્રેણ કર્તવ્યાન્યેતાનિ વિધિપૂર્વકમ્
> કસ્માન્મૃત ઇતિ પ્રોકતે કિં મર્તવ્યં પ્રયોકતૃભિ: ॥ ૧૦૬ ॥
> અંકુશગ્રહણાન્નાગં ખલીનગ્રહણાધ્ધયમ્ ।
> પ્રગ્રહગ્રહણાધાનમેવ મેવાપરેષ્વપિ ॥ ૧૦૭ ॥

આ સર્વ કાર્યો (નૌકાગમન વિગેરે) નિર્દિષ્ટ લક્ષણાનુસાર ઇંગિતો દ્વારા (સંજ્ઞા દ્વારા) દર્શાવવા જોઇએ. જેમ કોઇ પાત્રનું મરણ દર્શાવતી વેળા નટ મરતો નથી પણ કેવળ મરવાનો

અભિનય કરે છે તેમ. જેમ અંકુશ હાથમાં ગ્રહણ કરવાથી હાથીનો, ખલીન ગ્રહણ કરવાથી અશ્વની અને લગામ ગ્રહણ કરવાનો રથની અભિવ્યકિત થાય છે તેમ. ભરતમુનિના આ વિધાનો નાટ્યધર્મીતાની પુષ્ટિ કરે છે. તેજ પ્રમાણે રંગમંચ ઉપર યુધ્ધનાં દૃશ્યો અનુકરણાત્મક રીતે દર્શાવવાની જગ્યાએ શકટાસ્ય મંડળ, અધ્યર્ધમંડળ, પિષ્ટકુટ્ટ મંડળ, ચાષગત વિગેરે મંડળોના વિનિયોગ ધ્વારા સંકેતાત્મક રીતે દર્શાવવા તે પણ નાટ્યધર્મી કહેવાય. 'યક્ષગાન' જેવા પારંપારિક રંગમંચ ઉપર પણ યુધ્ધના દૃશ્યો રુઢિબધ્ધ આંગિક ચેષ્ટાઓ ધ્વારા દર્શાવવામાં આવે છે જે નાટ્યધર્મીનું ઉદાહરણ છે.

વાક્ અને અંગનો સમન્વય

લોકવ્યવહારમાં સામાન્યપણે વાચાના અભાવે મુગો માણસ પોતાની લાગણી તથા વિચારો માત્ર આંગિક ચેષ્ટાઓ ધ્વારા અભિવ્યકત કરે છે. ઘણી વ્યકિતઓ 'વાચા'નો વધારે ઉપયોગ કરી અને આંગિક ચેષ્ટાઓ અત્યંત અલ્પ પ્રમાણમાં કરે છે. વિવિધ આંગિક ચેષ્ટાઓ સાથે સંવાદોની અદાયગી માત્ર નાટકમાં સંભવે છે અને વ્યવહારમાં એવી રીતે બોલનાર વ્યકિતને 'નાટકીયો' કહેવાની પ્રથા છે. વાચા અને અંગનો આવો સમન્વય- સંવાદની સાથે સાથે આંગિક ચેષ્ટાઓ ધ્વારા બોલાતા શબ્દને દૃશ્યરુપ આપવું એ નાટ્યધર્મી છે.

લોકધર્મી-નાટ્યધર્મી વચ્ચેનો ભરતમુનિની દૃષ્ટિએ ભેદ

ભરતમુનિએ લોકધર્મી અને નાટ્યધર્મીના સ્વરુપગત જે લક્ષણો નિરુપ્યા છે તેના આધારે લોકધર્મી તથા નાટ્યધર્મી વચ્ચેનો ભરત સંમત ભેદ સંક્ષિપ્તમાં આ પ્રમાણે નિરુપી શકાય.

| | નાટ્યગત લોકધર્મી | | નાટ્યગત નાટ્યધર્મી |
|---|---|---|---|
| ૧ | સ્વભાવભાવોપગત | ૧ | અતિસત્વ |
| ૨ | શુધ્ધ અને અવિકૃત | ૨ | અતિભાવક |
| ૩ | લોકવાર્તાક્રિયોપેત | ૩ | અતિવાકયક્રિયોપેત |
| ૪ | અંગલીલા વિવર્જિત | ૪ | લીલાંગહારાભિનય |
| ૫ | સ્વભાવાભિનયોપેત | ૫ | સ્વરઅલંકાર સંયુકત |
| ૬ | નાનાસ્ત્રીપુરુષાશ્રય | ૬ | અસ્વસ્થપુરુષાશ્રય |

## અભિનયની દૃષ્ટિએ લોકધર્મી અને નાટ્યધર્મી વચ્ચેનો ભેદ

અભિનયની દૃષ્ટિએ લોકધર્મી અને નાટ્યધર્મી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી આપતાં કલિનાથ જણાવે છે -

### વાચિક અભિનય

(૧) વાકયાભિનયે કેવલવાકયોચ્ચારણં લોકધર્મી, રાગયુકતવાકયોચ્ચારણં નાટ્યધર્મી ।

અર્થાત વાચિક અભિનયમાં કેવળ વાક્ય ઉચ્ચારણ લોકધર્મી કહેવાય પરંતુ રાગયુકત વાકય ઉચ્ચારણ નાટ્યધર્મી કહેવાય. 'નાટ્યશાસ્ત્ર સંગ્રહ'ના મરાઠી ટીકાકાર ગોવિન્દાચાર્યના મતે વાચિક અભિનયમાં વાકયપ્રયોગ લોકધર્મી છે પરંતુ ગાન નાટ્યધર્મી છે. તેજ પ્રમાણે જનાંતિક અને અપવારિત વિધિઓ નાટ્યધર્મી છે. નાટ્યમાં 'સ્વગત' તરીકે માનવામાં આવતું ભાષણ વસ્તુત: બાજુના નટને અને પ્રેક્ષકોને પણ સંભળાય છે પણ બોલનાર તે મનમાંજ બોલ્યો છે એમ નટ, પ્રેક્ષક તથા નાટ્યકાર માનીને ચાલે છે એટલે સ્વગતભાષણ એ પણ નાટ્યધર્મી છે.

### આહાર્ય અભિનય

(૨) આહાર્યાભિનયેઽપિ હારકેયુરાદિ ભૂષણં લોકધર્મી: કૃત્રિમં ધ્વજયાનાદિ ભૂષણં નાટ્યધર્મી ।

અર્થાત આહાર્ય અભિનય અંતર્ગત હાર, કેયુર, વિગેરે આભુષણો લોકધર્મી છે જ્યારે કૃત્રિમ પદાર્થો વડે નિર્મિત ધ્વજ, યાન વિગેરે નાટ્યોપયોગી ઉપકરણ નાટ્યધર્મી છે. 'નાટ્યશાસ્ત્ર સંગ્રહ'ની મરાઠી ટીકા અનુસાર આહાર્ય અભિનય અંતર્ગત અલંકારોનું પરિધાન લોકધર્મી છે પરંતુ પાદપ્રચાર માત્ર દ્વારા શૈલયાન વિમાન આદિ ઉપર આરોહણ નાટ્યધર્મી છે.

સમગ્ર આહાર્ય અભિનયને લોકધર્મીઅને નાટ્યધર્મી એમ બે વર્ગોમાં આ રીતે વિભાજિત કરી શકાય. પાત્રની રંગભુષા સંબંધી ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે રંગોના નિયમ તથા મિશ્રણ સમજી લઇ પાત્રોના રંગોને પ્રકૃતિ, વય, અવસ્થા, પ્રદેશ તથા

જાતિ અનુરૂપ રંગવા જોઈએ. (૨૩/૯૧) આજ સંદર્ભમાં તેઓ જણાવે છે કે ભારતીય માનવ પાત્રોનો રંગ તેમના દેશ, જાતિ તથા સ્વભાવ પ્રમાણે રાખવો જોઈએ. નાટ્યનિર્દેશકે પાત્રોના દેશ, કર્મ, જાતિ તથા પ્રાદેશિક વિશેષતાઓ ધ્યાનમાં રાખી પાત્રોના શરીર રંગાવા જોઈએ. (૨૩/૧૦૪, ૧૦૫) કયા પાત્રને કેવો દાઢો લગાડવો તેની ચર્ચા કરતાં ભરતમુનિ જણાવે છે કે પાત્રના સ્થાન, અવસ્થા તથા સમય (દેશકાલવયઅનુગમ્) પ્રમાણે દાઢો લગાડવો જોઈએ. (૨૩/૧૧૦) વેશભુષાની ચર્ચા કરતાં ભરતમુનિ કહે છે કે ઉત્તમ, મધ્યમ તથા અધમ પ્રકૃતિના પાત્રોનો વેષ તેમના દેશ, જાતિ તથા વય અનુસાર રાખવો જોઈએ. શિરોવેષ્ટન સંબંધી ચર્ચા કરતાં પણ તેઓ પાત્રોના શિર: દેશ, જાતિ, અવસ્થા, અનુસાર રાખવાનું કહે છે. (૨૩/૧૩૧, ૧૪૮) આ ઉપરાંત ભરતમુનિ કિરાત, બર્બર, દ્રમિલ, પુલિન્દ વિગેરે જાતેના પાત્રોની ચામડીનો રંગ અસિત રાખવાનું કહે છે જે તેમનો નૈસર્ગિક રંગ છે. શક, યવન, બાહુલક વિગેરે જાતિના પાત્રોની ચામડીનો રંગ 'ગૌર' રાખવાનું કહે છે., જેઓ વર્ણે ઉજળા હોય છે. દૈત્યો, દાનવો, પાંચાલો, શુરસેનો ,મગધ જાતિના પાત્રોનો રંગ 'શ્યામ' રાખવાનું કહે છે જે તેમનો નૈસર્ગિક રંગ છે. આ ઉપરાંત બ્રાહ્મણ અને ક્ષત્રિય પાત્રોના રંગ 'ગૌર', વૈશ્ય, તથા શુદ્ર પાત્રોના રંગ શ્યામ રાખવાનું કહે છે. લોકરુઢિ અનુસાર આ ચારેય વર્ણોની ચામડીનો રંગ તથાકથિત છે. આમ ભરતમુનિએ તમામ માનવીય પાત્રોની વેશભુષા પાત્રની જાતી, પ્રદેશ, નાટ્યની ક્રિયા, પાત્રની અવસ્થા તથા પ્રકૃતિ અનુસાર રાખવાનું જે વિધાન કર્યું છે તે લોકધર્મી'નું ઉદાહરણ છે. પણ દેવો તથા દિવ્ય પાત્રોની રંગભુષા તથા વેશભુષા ભૌતિક મર્યાદાઓને અતિક્રમી જતી તથા રુપબધ્ધ રાખવાનું જે વિધાન છે તે નાટ્યધર્મીનું ઉદાહરણ છે. વિદ્યાધરની સ્ત્રીઓ, અપ્સરાઓ, યક્ષિણીઓ વિગેરેની રંગભુષા તથા વેશભુષા, વર્ણવતી વેળા તેને રસ તથા ભાવાશ્રિત રાખવાનું જણાવ્યું છે. આમ ભરતમુનિએ આહાર્ય અભિનય અંતર્ગત, દિવ્ય અને માનવીય પાત્રોને એક બીજાથી અલગ તારવવા માટે ધર્મીતાનો આશ્રય લીધો છે. માનવીય પાત્રોની વેષભુષા તથા રંગભુષા લોકધર્મી નાટ્યરુઢિ અનુસાર તથા દિવ્ય પાત્રોની વેષભુષા

તથા રંગભુષા નાટ્યધર્મી રુઢિ અનુસાર રાખવાથી બંને પ્રકારના પાત્રો સહેલાઇથી એક બીજા કરતાં અલગ તરી આવે છે.

નાટ્યોપયોગી ઉપકરણોના સંદર્ભમાં ભરતમુનિએ નાટ્યધર્મીના આશ્રય લીધો છે. આ ઉપરાંત સમસ્ત પુસ્તનેપથ્યવિધાન નાટ્યધર્મીતાનું ઉદાહરણ છે કારણ કે નાટ્યમાં પ્રયોજાતા પદાર્થો 'સ્વભાવ' ગત નહિ પણ વિ-ભાવગત હોય છે તેથી તે 'નાટ્યધર્મીનું ઉદાહરણ બને છે. '' સ્વભાવો લોકધર્મી તુ વિભાવો નાટ્યમેવ હિ । '' (૨૩/૧૯૧) સ્વાભાવિક સ્વરુપમાં રહેનારી વસ્તુઓ (નાટ્યઉપકરણો કે મંચવસ્તુઓ) લોકધર્મી તથા એ વસ્તુઓનો ભાવનાપુર્ણ અથવા પરિવર્તિત રુપે થતો વિનિયોગ નાટ્યધર્મી કહેવાય.

## સાત્વિક અને આંગિક અભિનય

(૩) સાત્ત્વિકાભિનયેઅપિ નટેન ભાવયિત્વા સ્વરુપતો દર્શિતા: સ્તમ્ભાદયો લોકધર્મી, ત એવ સાક્ષાત્કૃતા: હસ્તાભિનયેન દર્શિતા: નાટ્યધર્મી ॥ અર્થાત નટ પાત્ર સાથે ભાવૈકય અનુભવીને ભાવાનુસાર સ્તંભ વિગેરેનો 'સમાહિત મન' વડે અભિનય કરે તે લોકધર્મી પણ હસ્તમુદ્રા ધ્વારા અશ્રુપાતનો સાક્ષાત્કાર કરાવે તે નાટ્યધર્મી. 'નાટ્યશાસ્ત્ર સંગ્રહ'ની મરાઠી ટીકા અનુસાર સાત્વિક અભિનયમાં અશ્રુંનું પ્રદર્શન તો લોકધર્મી છે પણ ભાવભંગિમા અને મુદ્રાઓ ધ્વારા તેની વ્યંજના નાટ્યધર્મી છે.

સાત્વિક ભાવોનો અભિનય એ લોકધર્મીનું ઉદાહરણ છે જ્યારે વિવિધ હસ્તમુદ્રાઓ, ચારી-મંડલ-કરણ વિધાન, શરીરના વિવિધ અંગ-ઉપાંગોના સંચાલન સંબંધી ભેદ, લક્ષણ વિનિયોગ વિધાન એ નાટ્યધર્મીતાનું ઉદાહરણ છે. પણ તે તમામનો મુળ આધાર લોકવ્યવહાર છે તે ન ભુલવું જોઇએ કારણ કે ભરતમુનિએ વારંવાર જણાવ્યું છે કે જે અહીં ના કહેવાયું હોય તે લોકવ્યવહારમાંથી મેળવવું જોઇએ.

અભિનયના સાધનથી ભાવાવસ્થાનું પ્રકટન લોકધર્મી અને નાટ્યધર્મી આ બે પ્રકારના નાટ્યધર્મોથી થાય છે એમ ભરતમુનિ કહે છે. અભિનવગુપ્ત ધર્મીતાને અભિનયની

ઇતિકર્તવ્યતા કહે છે. '' અભિનયસ્ય દ્વિવિધા ઇતિકર્તવ્યતા-લોકધર્મી નાટ્યધર્મી ચ । '' અભિનવગુપ્ત કહે છે કે નાટ્યનો અભિનય તે તે લોકપ્રવૃત્તિ વિશેષ સાથે સંવાદી હોવો જોઇએ. સાથે સાથે તે સૌંદર્યપૂર્ણ પણ હોવો જોઇએ. તેમાં લોકપ્રવૃત્તિ સાથે સંવાદી એવો અભિનયનો અંશ લોકધર્મી છે અને તેમાં સૌંદર્યાધાયક અંશ નાટ્યધર્મી છે. શ્રી ગણેશ દેશપાંડે કહે છે. '' અભિનય પણ એક દૃષ્ટિએ નાટ્યધર્મીજ છે કારણ પ્રેક્ષકની હૃદયમાં ભાવસંક્રમણ કરનાર તે નટનિર્મિત સાધન છે. વિવિધ અર્થો (ભાવો)ને પ્રતીત કરાવનાર શરીર આદિ વ્યાપાર તે અભિનય. અભિનય કહેતા આજે આપણી સમક્ષ ફક્ત શારીરિક હાવભાવજ ઉભા રહે છે. પણ ભરતમુનિએ કરેલી અભિનયનો અર્થ આના કરતાં વ્યાપક છે. તેમની દૃષ્ટિએ દેખાવ, પોશાક, શરીરચેષ્ટા, બોલવાની રીત, સ્તંભ સ્વેદ ઇત્યાદિ સાત્વિક ભાવ, આ બધાંનો અભિનયમાં અંતર્ભાવ થાય છે. આ વ્યાપક અર્થમાંજ અભિનય નાટ્યધર્મી છે. (ભારતીય સાહિત્યશાસ્ત્ર પૃ. ૫૬)

<u>રુપકભેદ અને ધર્મીતા</u>

દશરુપકમાં 'ભાણ' પ્રકારના રુપકમાં એકજ નટ દ્વારા કથાવસ્તુ રજુ થાય છે. અભિનવગુપ્ત 'એક પાત્રહાર્યત્વં 'ને નાટ્યધર્મી કહે છે. 'નટાંકુશ' નામની હસ્તપ્રતમાં પણ વિધાન છે કે -

'' યદેકાં ભૂમિકા કૃત્વા કુર્વીતેકાન્તરેકપરામ્ ।
કૌશલ્યાદેકકત્વાધ્વા નાટ્યધર્મીકૃત તુ તત્ ॥

સહપ્રવૃત્તિ મતોઽનેકસ્યાનુકાર્યસ્ય યથાયોગમેકસ્ય ભૂમિકયા અનુકરણમારચય્ય તદવાન્તરવિચ્છેદે સોપિદિ તાં વિસૃજ્ય ઇતર ભૂમિકામાદાય નાટ્યં નાટ્યધર્મી ।''

આમ દશરુપકમાં ભાણ 'એક હાર્ય' હોવાથી તેમજ પ્રારંભમાં વીથી પણ 'એકહાર્ય' હોવાથી નાટ્યધર્મી રુપક હોવાનુ શ્રી રાઘવન જણાવે છે. કથાવસ્તુની દૃષ્ટિએ વીર રસ પ્રધાન રુપકો-કે જેમાં દેવો અને પૌરાણિક રાજાઓ રજુ થાય છે તેવા નાટક, સમવકાર અને ડીમ પ્રકારના રુપકો - પણ નાટ્યધર્મી છે. પ્રકરણ, પ્રહસન અને ભાણમાં

સમાજની કથા રજુ થતી હોવાથી કથાનકની દૃષ્ટિએ, વિષયવસ્તુની દૃષ્ટિએ theme ની દૃષ્ટિએ આ ત્રણે પ્રકારના રુપકો લોકધર્મી છે. નાટક એ નાટ્યધર્મીનું અને પ્રકરણ એ લોકધર્મી રુઢિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. લોકસંશ્રય કથાનકવાળું 'મૃચ્છકટિક'માં લોકધર્મીતાના લક્ષણો તત્વો વિશેષ છે.

નૃત્ત, નૃત્ય, નાટ્ય અને ધર્મીતા

નાટક અને નૃત્ય - આ બંને કલાપ્રકારો માટે 'નાટ્ય' સંજ્ઞા પ્રયોજાય છે. સંસ્કૃત રંગમંચ ઉપર બે પ્રકારના પ્રયોગો પ્રચલિત હતા (૧) રુપક અને (૨) ઉપરુપક. કયારેક નાટ્ય સંજ્ઞા માત્ર રુપકના સંદર્ભમાં પ્રયોજાય છે અને ઉપરુપકના સંદર્ભમાં નૃત્ય સંજ્ઞા પ્રયોજાય છે એમ જણાવી શ્રી વી. રાઘવન ભરતનિરુપિત દશરુપક તેમજ નાટિકા, ત્રોટક અને સટ્ટકને 'નાટ્ય' તથા શ્રીગદિત, ડોમ્બી, રાસક વિગેરેને નૃત્યના વર્ગમાં મુકે છે. નાટ્યમાં રસની એકતા તથા આંગિક, વાચિક, સાત્વિક અને આહાર્ય આ ચારે પ્રકારના અભિનયોનો વિનિયોગ થાય છે જ્યારે નૃત્યપ્રબન્ધોમાં વાચિક તથા સાત્વિક ભાવોનો અભાવ હોય છે એવો શ્રી રાઘવનનો મત છે. નૃત્યમાં એકજ નર્તક વિવિધ પાત્રો આંગિક અભિનય થકી રજુ કરે છે. નૃત્યમાં વિવિધ પાત્રો માટે અલગ અલગ નટ પ્રયોજાતા નથી તેમજ વસ્તુની સંગીતમય રજુઆત થાય છે તેથી તેમાં નાટ્યધર્મીતાનાં લક્ષણો વિશેષ હોય છે. તેમાં માનવીય ભાવો રજુ થાય છે એજ માત્ર લોકધર્મી તત્વ તેમાં રહેલું છે. જ્યારે નાટ્યમાં દરેક પાત્ર માટે અલગ અલગ નટ પ્રયોજાય છે. વાસ્તવિક જીવનમાં પણ આવુજ હોય છે. એટલે નૃત્યની સરખામણીમાં નાટ્ય લોકધર્મી છે. નાટ્યનો એકાંગી વિચારી કરીએ ત્યારે તે નાટ્યધર્મી કહી શકાય પણ નૃત્યની સાથે સરખામણી કરીએ ત્યારે નાટ્ય, નૃત્યના પ્રમાણમાં વિશેષ લોકધર્મી કહી શકાય કારણ કે તેમાં અલગ અલગ પાત્ર માટે અલગ અલગ નટ પ્રયોજાય છે એવો શ્રી રાઘવનનો અભિપ્રાય છે.

નૃત્યમાં ગાત્ર ગીતરુપે વાચિક અભિનય પ્રયોજાય છે. તેમાં આંગિક અભિનયની પ્રધાનતા રહે છે. ખાસ કરીને હસ્તાભિનયની. નૃત્યમાં જે પ્રમાણમાં અને જે સ્વરુપમાં હસ્તાભિનય પ્રયોજાય છે તેટલા પ્રમાણમાં અને તે સ્વરુપમાં નાટ્યમાં પ્રયોજવો જરુરી હોતો નથી. નાટ્યમાં વાચિક અભિનયની પ્રધાનતા રહે છે અને શબ્દને મદદરુપ થવા ગૌણરુપે આંગિક અભિનય પ્રયોજાય છે. વિચાર અને ભાવની અભિવ્યક્તિ નૃત્યમાં મુખ્યત્વે આંગિક અભિનય ધ્વારા થાય છે જ્યારે નાટ્યમાં વાચિક અભિનય ધ્વારા. વળી નાટ્યમાં સાત્વિક અભિનયનું વિશેષ પ્રાધાન્ય હોય છે. સાત્વિક અભિનય ઉપરજ વિશેષ ભાર મુકવામાં આવે છે. પાત્ર આંસુ સારતું હોય કે થરથર ધ્રુજતુ હોય તો તેનો અભિનય નાટ્યમાં નટ આંખમાં અશ્રુ લાવી કે થરથર ધ્રુજી રજુ કરે છે. આમ અહીં લોકવ્યવહારનું અનુકરણ થાય છે. જ્યારે નૃત્યમાં નર્તક વિવિધ હસ્તમુદ્રાઓ ધ્વારા પ્રતીકાત્મક રીતે અશ્રુ અને ધ્રુજારીનો સંકેત કરે છે. આ દૃષ્ટિએ પણ નૃત્યની સરખામણીમાં નાટ્ય વિશેષ લોકધર્મી છે. જો કે નાટ્યમાં જ્યારે એક પાત્ર અન્ય પાત્ર વિશે વર્ણન કરતાં તેના રડવાનો ઉલ્લેખ કરતું હોય ત્યારે અશ્રુ સારવાની જગ્યાએ તેનો હસ્તાભિનય ધ્વારા સંકેત કરતું હોય છે અને એ સંદર્ભમાં નાટ્ય પણ નાટ્યધર્મી કહી શકાય.

નૃત્તમાં ભાવની અભિવ્યક્તિ કરતાં સૌંદર્યના સર્જન ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે. નૃત્તમાં પ્રયોજાતી ભંગિમાઓ કેવળ 'શોભાહેતુ' અર્થે પ્રયોજાય છે જ્યારે નૃત્યમાં ભાવની અભિવ્યક્તિ ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે. આમ નૃત્ત, નૃત્ય કરતાં વિશેષ નાટ્યધર્મી છે.

## નાટ્યધર્મી રુઢિનું મહત્વ

નાટ્યધર્મીથી પ્રવૃત્ત એવું નાટ્ય શા માટે યોજવું જોઇએ તેનું ભરતમુનિની દૃષ્ટિએ કારણ એ છે કે અંગાભિનય વિના - અથવા અભિનવગુપ્ત અર્થ કરે છે તે પ્રમાણે ગીતાતોદ્યાદિ અંગો અને અભિનયો વિના - રાગ કહેતાં સામાજિકોને પ્રીતિ થતી નથી.

નાટ્યધર્મો પ્રવૃત્તં હિ સદા નાટ્યં પ્રયોજયેત્
ન હ્યઙ્ગાભિનયાત્ કિંચિદૃતે રાગ: પ્રવર્તતે ॥
(અધ્યાય ૧૪ શ્લોક ૮૧)

'' સદા નાટ્યધર્મી દ્વારા સંપન્ન એવો નાટ્યપ્રયોગ પ્રયોજવો જોઇએ કારણ કે આંગિક અભિનયના પ્રદર્શન વિનાનો નાટ્યપ્રયોગ પ્રેક્ષકોને પ્રસન્ન કરી શકતો નથી.'' લોકજીવનની પરંપરા, તેના સહજ સુખદુ:ખ, હર્ષ, શોક વિગેરે રાગોત્તેજક રુપે રજુ કરવા માટે તેમાં આંગિક અભિનય, વાકયાભિનય, અલંકાર અને ચેષ્ટા વિગેરે વડે અધિક કૌશલ અને પરિષ્કારની જરુર રહે છે. નિતાન્ત પ્રકૃતરુપમાં રજુ થવાથી નાટ્યપ્રયોગમાં ન તો સૌંદર્યનું વિધાન થાય છે ન તો જીવનનું પ્રભાવશાળી રુપ ચિત્રિત થાય છે. એટલે ભરતમુનિ સ્પષ્ટપણે જણાવે છે કે, સમસ્ત અભિનયવિધાન નાટ્યાર્થને લક્ષિત કરે છે. તેનો સહજ ભાવ અભિનયસંપન્ન હોવો જોઇએ. ત્યારેજ પ્રેક્ષકોમાં રાગ અર્થાત્ પ્રીતિ સંભવે છે. નાટ્યધર્મીના એ માત્ર અભિનયનોજ નહિ પણ રંગમંચની અન્ય વિધાઓની પ્રાણમીય શક્તિ છે, એવો અભિનવગુપ્તનો મત છે.''
'' યસ્માત્ કવિગતા નાટ્યગતા વાગલંકાર નિષ્ઠા નાટ્યધર્મી રુપા સર્વ પ્રાણવતી''-
(અભિનવભારતી ભાગ- ૨ પૃ. ૨૧૮)

નાટ્યપ્રયોગ સમયે પ્રકૃતરુપનો ત્યાગ કરી નાટ્યધર્મી પ્રવૃત્ત નાટ્યનો પ્રયોગ કરવો વધારે યોગ્ય બને છે. સામાન્ય સ્થિતિને પણ અભિનય દ્વારા પાત્ર રોચક, આકર્ષક અને મનોહર બનાવે છે. આ અભિનય-પ્રણાલી દ્વારાજ પ્રેક્ષકોના હ્રદયમાં રાગની પ્રતીતિ થાય છે. એટલે લોકજીવનના પ્રકૃત સુખદુ:ખની અભિવ્યક્તિ નાટ્યપ્રયોગ દ્વારા સંભવે છે. નાટ્યપ્રયોગ તો અભિનયજ છે અને અભિનયમાં રાગ નિહિત રહે છે. વસ્તુત: મનુષ્યના સહજ ભાવોને અભિપ્રાય વિશેષ વડે અભિનયનું રુપ આપવામાં આવે છે. આંગિક ચેષ્ટા અને અલંકારોના યોગ વડે આ સહજ ભાવોમાં રાગાત્મકતા- રસમયતાનો સંચાર થાય છે. અભિનયનો એક માત્ર ઉદ્દેશ પ્રેક્ષકોને

નિશ્ચિત રુપે રસની પ્રતીતિ કરાવવાનો છે. મનુષ્યમાત્રના સહજ ભાવ તો લોકધર્મી છે. પરંતુ તે ઉપેક્ષ્ય નથી, તે નાટ્યધર્મી રુઢિઓ માટે આધાર રુપે કામ કરે છે. જેમ ચિત્ર માટે ભિત્તિની આવશ્યકતા રહે છે તે પ્રમાણે નાટ્યધર્મીનો વિકાસ પણ લોકધર્મીના આધારે થાય છે. અભિનવગુપ્ત કહે છે, '' તસ્માત્ સર્વસ્ટા સમ્બન્ધી સહજો ભાવો: લોકધર્મ લક્ષણ ઉકતો ભિત્તિસ્થાનીયત્વેન નાટ્યધર્મ્યા સહજસંવાદિકર્મણ: । ''

(અભિ.ભા. ભાગ-૨ પૃ.૨૧૨)

## નાટ્યધર્મી: કલ્પનાશકિતનો ચમત્કાર

ભરતમુનિએ નાટ્યની પરિભાષા આપતા તેને ત્રણેય લોકના ભાવોનું અનુકીર્તન તથા લોકવૃત્તનું અનુકરણ કહયું છે. ત્રણેય લોકના ભાવોને અને લોકવૃત્તને રંગમંચ ઉપર રજુ કરવામાં રંગમંચની માધ્યમગત મર્યાદા નડે છે. કલ્પનાશકિત imagination ધ્વારાજ એ મર્યાદાને અતિક્રમી શકાય છે. સમયની મર્યાદા, સ્થળની મર્યાદા, ભાષાની મર્યાદા, ભાવ અને વિચારની મર્યાદા - આ બધી મર્યાદાઓથી ઘેરાયેલા નટને જયારે અમૂર્ત અને અમાનવીય ઘટનાઓ નિરુપવાની આવે છે ત્યારે તેણે એક નવાજ સત્યનો - કલાના સત્યનો - આશ્રય લેવો પડે છે. જેનો મુખ્ય આધાર સર્જનશીલ કલ્પનાશકિત creative imagination છે. અનુકરણાત્મક રીતે સાદૃશ કે આબેહુબ વાસ્તવિક દૃશ્યો ઉભાં કરવાની જગ્યાએ માત્ર તેનો સંકેત કરી પ્રેક્ષકની કલ્પનાશકિતને તે ઉત્તેજિત કરે છે. આવી સંકેતાત્મક રજુઆત suggestive presentation નાટ્યધર્મી કહેવાય છે. નાટ્યધર્મીને વી.રાઘવન 'નાટ્યસામ્ય' કહે છે પણ નાટ્યધર્મી એ 'સમયમાત્ર' - રુઢિ માત્ર નથી પણ કલ્પનાશકિતનો ચમત્કાર છે. અભિનવગુપ્ત ધર્મીતાના વિવરણને અંતે સ્પષ્ટપણે જણાવે છે કે -

'' ન તુ સમયમાત્રરુપા નાટ્યધર્મી, સમયસ્ય અકિંચિત્કરસ્ય કલ્પને પ્રયોજનાભાવાત્ ।''

## લોકધર્મી રુઢિનું મહત્વ

નાટ્યકળા આ જગતનું - લોકનું પ્રતિનિધાન કરે છે. નાટ્યકાર આ જગતમાંથીજ

કાચી સામગ્રી લઇ તેને પોતાની સર્જક કલ્પના વડે નવું રુપ આપી નાટકની રચના કરે છે. નાટ્ય પ્રયોક્તા પણ રોજબરોજના જોવાતા જીવનનો આધાર લઇ પોતાની સર્જનાત્મક કલ્પનાશક્તિ વડે નવું સ્વરુપ પ્રદાન કરી નાટકનો રંગમંચ ઉપર પ્રયોગ કરે છે. આમ નાટ્યકળાનો મૂળ પાયો લોકજીવન છે. લોકજીવનમાં સંભવિત ( probable ) હોય તે સર્વ નાટ્યમાં દર્શાવી શકાય પણ અસંભવિત હોય તે નહિ. નાટકની ક્રિયાનો મુળ આધાર લોકજીવન 'લોકધર્મી' છે. જેને અભિનવગુપ્ત 'ભિત્તીસ્થાનીય' કહે છે અને નાટ્યની ઘટનાઓને કવિકલ્પના વડે નવો ઓપ આપવો તે નાટ્યધર્મી છે જેનો અભિનવગુપ્ત 'સુંદર ચિત્રોથી ભીતની સજાવટ' સાથે સરખાવે છે. તે વ્યવહારનું તથ્ય નથી પણ કલાનું આગવું સત્ય છે. આ સંદર્ભમાં અભિનવગુપ્તના નીચેના વિધાનો મહત્વના છે.

(૧) ''યદ્યપી લૌકિક ધર્મ વ્યતિરેકેણ નાટ્યે ન કશ્ચિદ્ધર્મોઽસ્તિ, તથાપિ સ તત્ર લોકગત પ્રક્રિયાક્રમો રંજનાધિક્ય પ્રાધાન્યમધિરોહયિતું કવિનટવ્યાપારે વૈચિત્ર્યં સ્વીકુર્વન નાટ્યધર્મીત્યુચ્યતે । '' અર્થાત્ જો કે નાટ્યમાં લૌકિક ધર્મથી વ્યતિરિક્ત અન્ય કોઇપણ ધર્મ નથી તો પણ કવિ અને નટ પોતાના નાટક અને પ્રયોગમાં આકર્ષના નિર્માણ થાય તે માટે લોકગત પ્રક્રિયા પર પોતાની કલ્પનાનો સંસ્કાર કરી તેને સૌંદર્યશાળી બનાવે છે. આવા નાટ્યાંશમાં નાટ્યધર્મી હોય છે.

(૨) '' લૌકિકસ્ય ધર્મસ્ય મૂલભૂતત્વાન્નાટ્યધર્મ વૈચિત્ર્યોલ્લેખ્યભિત્તિસ્થાનત્વાદિતિ લોકધર્મીમેવ લક્ષયતિ । '' અર્થાત નાટ્યધર્મીનો આધાર લોકધર્મીજ છે. ભીંત અને તેને સૌંદર્ય પ્રદાન કરનાર ચિત્ર અથવા રંગ વચ્ચે જેવો આધારાઆધેય સંબંધ હોય છે તેવોજ લોકધર્મી અને નાટ્યધર્મીનો સંબંધ હોય છે. કહેવાનું તાત્પર્ય એ કે ચિત્ર કે રંગ ભીંતના આધાર વિના રહી શકે નહિ એ સાચું પણ ભીંતમાં પણ ચિત્ર કે રંગ વિના સૌંદર્ય આવી શકતું નથી. તેજ પ્રમાણે લોકધર્મીનો આધારેજ નાટ્યધર્મી હોય છે પણ લોકધર્મીનો સૌંદર્યમય આવિષ્કાર નાટ્યધર્મી

સિવાય થઇ શકતો નથી.

(૩) '' કાવ્યનાટ્યયોર્હિ લોકાનુસારિત્વં વા વૈચિત્ર્યયોગિત્વં વા ધર્મ: । ''

(૪) '' નૈવેદં (નાટ્યધર્મી) સમયમાત્રનિષ્ઠમિતિ વક્તવ્યમ્ । અપિ તુ સમ્ભાવ્યમાનમેવ સદ્ રજનોપયોગિ ''

ભરતમુનિ નિરુપિત 'હસ્તાભિનય' નાટ્યધર્મીતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે છતાં તેમાં લોકધર્મીનો મૂળભૂત આધાર લેવામાં આવ્યો છે. ભરતમુનિ આકૃતિ, ચેષ્ટા (ક્રિયા), ચિહ્ન, જાતિ વિગેરે જોઇ નવી હસ્તમુદ્રાઓ પ્રયોજતા રહેવાનું જણાવે છે: કેશગુંફનનું સુચન કરવા માટે 'અર્ધચન્દ્ર' હસ્તનો વિનિયોગ કે કોઇને થપ્પડ મારવા માટે 'પતાક' હસ્તનો વિનિયોગ લોકવ્યવહારને આધારે થયો છે. કોઇને થપ્પડ મારતી વખતે હાથના આંગળા સીધા તથા અંગુઠો સહેજ વળેલો રહે છે. પતાક હસ્તમાં પણ હસ્તની મુદ્રા આવીજ રહે છે.

આમ લોકધર્મી એ નાટ્યધર્મીનો મૂળ સ્ત્રોત છે એમ નિ:શંકપણે કહી શકાય.

## લોકધર્મી અને નાટ્યધર્મીના પ્રભેદો

ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં લોકધર્મી અને નાટ્યધર્મીની પરિભાષાઓ આપી છે પરંતુ પ્રભેદો નિરુપ્યા નથી. પરંતુ અભિનવગુપ્તે તેમની ટીકામાં લોકધર્મી અને નાટ્યધર્મીના પ્રભેદો વર્ણવ્યા છે.

'' અભિનયસ્ય દ્વિવિધા ઇતિકર્તવ્યતા, લોકધર્મી નાટ્યધર્મી ચ । આદ્યા દ્વિવિધા । ચિત્તવૃત્ત્યર્પકત્વેન અનુભાવસ્ય યથા 'ગર્વેડપ્યહમિતિ તર્જ્જૈર્લલાટદેશોપ્યિચ્છ્રત:' ઇતિ । કેવલબાહ્યાવયવરુપા વા યથા પક્ષ્મકોશસ્ય કમપિ નિરુપણે ।

'' નાટ્યધર્મી દ્વિવિધા - નાટ્યોપયોગમૂલભૂત કૈશિકી સમ્પાદનોચિતા લૌકિક શોભાહેતુ: યથા આવેષ્ટિતાદિચતુર્વિધ કરણરુપા । કાચિત્તુ અંશેન લોકમુપજીવતિ... એવં જનાન્તિકાદૌ વચ્યમ્ । ''

અભિનવગુપ્તના ઉપરોક્ત ગદ્યાંશને સારંગદેવે 'સંગીતરત્નાકર'માં નીચેના શ્લોકોમાં વર્ણવ્યો છે :-

ઇતિકર્તવ્યતા તસ્ય દ્વિવિધા પરિકીર્તિતા ।
લોકધર્મી નાટ્યધર્મીત્યેતે ચ દ્વિવિધે પુનઃ ॥
ચિત્તવૃત્ત્યર્પિકા કાચિત બાહ્યવસ્ત્વનુકારિણી ।
ઇતિ ભેદદ્વયં પ્રાહુર્લોકધર્મ્યાઃ પુરાતનાઃ ॥
આશ્રિત્ય કૈશિકીં વૃત્તિમેકા નાટ્યોપયોગિનીમ્ ।
તથાન્યાં લૌકિકીં શોભાં કરાત્યાવેષ્ટિતાદિભિઃ ॥
અંશનૈવોપજીવન્તી લોકમન્યા પ્રવર્તતે ।
નાટ્યધર્મ્યા અપિ પ્રાજ્ઞા ભેદદ્વન્દ્વ મિદં જગુઃ ॥

'નાટ્યશાસ્ત્ર સંગ્રહ'માં માત્ર ચાર જ શ્લોકોમાં ઉપરોક્ત પ્રભેદો નિરુપવામાં આવ્યા છે. પરંતુ તેની મરાઠી ટીકામાં તેનું વિસ્તારપૂર્વક વિવેચન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત સામગ્રીના આધારે લોકધર્મી અને નાટ્યધર્મી રુઢિઓની મુખ્ય વિશેષતાઓ ધ્યાનમાં રાખી તેનું આ પ્રમાણે વિભાજન કરી શકાય.

ધર્મીઓ

- લોકધર્મી
  - ચિત્તવૃત્ત્યર્પિકા
  - બાહ્યવસ્ત્વનુકારિણી
- નાટ્યધર્મી
  - કૈશિકી શોભા
  - અંશોપજીવિની

ચિત્તાવૃત્તિઅર્પિકા

આ પ્રકારના લોકધર્મી પ્રભેદમાં પાત્રના સુખદુ:ખાત્મક સ્વભાવનો પ્રકૃત અભિનય નિરુપવામાં આવે છે. અહીં આંતરિક ચિત્તવૃત્તિઓનું પ્રસ્ફુટીકરણ થાય છે. નાટ્યશાસ્ત્રસંગ્રહના ટીકાકાર તેને subjective or concerned with the representation of emotional changes કહે છે.

બાહ્ય વસ્ત્વનુકારિણી

લોકધર્મીના આ પ્રભેદમાં બાહ્ય વસ્તુઓનો સંકેત કરવામાં આવે છે. અભિનવગુપ્તની ટીકા અનુસાર હસ્ત ધ્વારા કમળના બાહ્ય સ્વરુપનું અનુકરણ કરવુ તે બાહ્યવસ્તુ-અનુકારિણી. કોઇપણ પદાર્થના બાહ્ય સ્વરુપનું અનુકરણ તેનું મુખ્ય લક્ષણ છે. નાટ્યશાસ્ત્ર-સંગ્રહના ટીકાકાર તેને objective or concerned with the representation of outside objects કહે છે.

કૈશિકી શોભા

નાટ્યધર્મીના આ વિભાજન અંતર્ગત અર્થનો નહિ પણ માત્ર સૌંદર્યનો બોધ કરાવનારી ભાવભંગિમાઓનો સમાવેશ થાય છે. હસ્તાભિનય અંતર્ગત આવેષ્ટિત વિગેરે ચાર હસ્તકરણોનો વિનિયોગ માત્ર શોભાહેતું થતો હોવાથી તેને અભિનવગુપ્ત 'કૈશીકી શોભા' નાટ્યધર્મીનું ઉદાહરણ જણાવે છે. કૈશિકી શોભાની પ્રક્રિયા ધ્વારા અંગોનો વિલાસ, હસ્ત તેમજ પ્રાદપ્રચાર, ગીત તથા નૃત્ય વિગેરેનો પ્રયોગ થાય છે. નાટ્યશાસ્ત્રસંગ્રહના ટીકાકાર અનુસાર artistic adjuncts like elegant poses and movement of the hand, music and dance etc. કૈશિકી શોભા કહેવાય છે.

અશોપજીવિની

આ પ્રકારનો નાટ્યધર્મી પ્રભેદ પૂર્ણપણે લોકધર્મી ઉપર આધારિત હોય છે. માત્ર સૌંદર્યબોધ કે અન્ય કારણસર લોકધર્મી કરતાં અલગ પડે છે. અપવારિત અથવા જનાન્તિક કે જેમાં ત્રિપતાક હસ્તનો વિનિયોગ કરવામાં આવે છે તેનો અંશોપજીવિનીમાં સમાવેશ કરી શકાય. અંશોપજીવિની ધ્વારાજ કક્ષ્યાવિભાગ, પ્રાસાદ, પર્વત, શૈલ યાન વિગેરેની વિવિધ મુદ્રાઓ ધ્વારા ઇચ્છાનુરુપ અથવા કાયાવત્ પ્રયોગ થાય છે. તેનો પ્રયોગ રંગમંચની પરિસીમાને કારણે પુર્ણપણે કદીપણ સંભવિત ન હોવાથી તેનો માત્ર અંશત:જ પ્રયોગ થાય છે. પણ તેના ધ્વારા તેની સુચના દૃશ્યરુપે રંગમંચ ઉપર થઇ

જાય છે એટલે તે 'અંશોપજીવિની' નાટ્યધર્મી રુઢિ કહેવાય છે. નાટ્યશાસ્ત્રસંગ્રહના ટીકાકાર અનુસાર representation of a part for the whole or the conventional mode of presenting objects and situations by making just a suggestion by movements of the hand like, " aveshtita " leaving the rest for the imagination of the audience ને અંશોપજીવિની કહે છે.

લોકધર્મી અને નાટ્યધર્મી એ બંને નાટ્યરુઢિઓ નાટ્યકાર અને નાટ્યપ્રયોકતા નટ માટે અત્યંત ઉપયોગી છે. શ્રી અપ્પારાવ તો આ બંનેને વિવિધ અભિનયપંથો Realistic & Conventional Schools of Acting કહે છે. શ્રી પ્રમોદ કાલે તેને Two Natures of Dramatic Performance- Presentational and Representational કહે છે. શ્રી જે.કે.ભટ લોકધર્મીને realistic presentation અને નાટ્યધર્મીને conventional, symbolic and artistic presentation કહે છે. શ્રી જો.એચ.તાર્લેકર લોકધર્મીને realistic practice of gesticulation અને નાટ્યધર્મીને theatrical practice of gesticulation કહે છે. શ્રી આદ્ય રંગાચાર્ય તેને નાટ્યનિર્માણની બે શૈલીઓ કહે છે. આમ આધુનિકોએ પણ નાટ્યપ્રયોગના સંદર્ભમાં ધર્મીતાનું મહત્વ આંક્યું છે. વસ્તુત: ધર્મીતા સાચા અર્થમાં અભિનયની ઇતિકર્તવ્યતા છે.